Regiro. 11

શ્રી રસીક

સિદ્ધાચળ સંઘ પ્રયાણ.

તથા

ગુંહલી સંગ્રહ.

રચનાર

ઝવેરી ભોગીલાલ ધોળશાજી.

અમૂલ્ય.

શ્રી રસીક

સિદ્ધાચળ સંઘ પ્રયાણ.

તથા

ગુંહલી સંગ્રહ.



રચનાર,


ઝવેરી ભોગીલાલ ધોળશાજી.



છપાવી પ્રસિદ્ધ કરનાર,

ઝવેરી બાપાલાલ ચુનીલાલ વાદી.

નીસા પોળ-અમદાવાદ.



આવૃત્તી ૧ લી. પ્રત ૧૫૦૦.

સંવત ૧૯૮૦ સને ૧૯૨૪



અમૂલ્ય.

જ્ઞાનની આશાતના થાય નહિ તે માટે આ અગર બીજું કોઈ પણ પુસ્તક રખડતું મુકશો નહિ. જ્ઞાનના બહુ માનથી જ્ઞાનાવરણી કર્મો હઠી જઈ અપૂર્વ જ્ઞાનની પ્રાપ્તિ સહજમાં થઇ શકે છે, એ ભૂલશો નહિ.



વીર-શાસન પ્રિન્ટીંગ પ્રેસમાં
પરીખ વિઠલભાઈ મોહનલાલે છાપ્યુ
ઠે. હાજાપટેલની પોળ, અમદાવાદ.



ઝવેરી મોહોલાલ ગોકળદાસ સઘવી



જન્મ સવત ૧૯૧૮ નતવર સ ૧૯૦

PHŒNIX P. WORKS AHMEDABAD

અર્પણ પત્રિકા.

ધર્માનુરાગી, શ્રાવક સદ્ગુણાલંકૃત,

મહાશય શેઠ ઝવેરભાઈ પનાજી.

મુ. બુહારી.

વિતરાગ પરમાત્માના શાસન ઉપર આપનો અત્યંત પ્રેમ, અને મ્હારા સાથેના અલ્પ પરિચયમાં પણ આપની ધર્મશીલતા તથા અચળ શ્રદ્ધા, એ મને આપનુ ભાવ સ્વાગત્ કરવાની પ્રેરણા કરી રહ્યા હતા, પરંતુ સામગ્રીના અભાવે આજદિન સુધીમાં હું કાંઈપણ કરી શકયો ન્હોતો; આજે મ્હારી તે મુરાદ પાર પડી છે; રાજ-નગર નિવાસી 'કવિ રસીક' ઝવેરી ભોગીલાલ ધોળશાજી વિરચિત શ્રી સિદ્ધાચળ સંઘ પ્રયાણ નામનુ રસીલુ પુસ્તક તેમની સમ્મતિથી હું આપનાજ કર કમળમાં અર્પણ કરી કૃત કૃત્ય થાઉં છું.

તા. ૨૫-૮-૨૪
અમદાવાદ.
નીશા પોળ.

લી.
આપનો ગુણાનુરાગી
ઝવેરી બાપાલાલ ચુનીલાલ વાદી.

નિવેદન.

સુજ્ઞ મહાશય! ઝવેરી સવચંદ ફુલચંદના નામથી ભાગ્યેજ કોઇ અજાણ્યું હશે! તે ઉક્ત પુરૂષના વંશમાં શાસનની ઉન્નતિને સુશોભિત કરનાર બે મહાન્ નરો ઉત્પન્ન થયા, જેમાના એક સુપ્રસિદ્ધ ઝવેરી છોટાલાલ લલુભાઇ કે જેમણે સંવત ૧૯૫૯ની સાલમાં શ્રી શત્રુંજય મહાન્ તીર્થનો સંઘ છરી પાલતા કાઢી, શાસનની પ્રભાવના સાથે યશ પ્રાપ્ત કર્યો હતો.

ઉક્ત ઝવેરી છોટાભાઇ તે સવચંદભાઇના પુત્ર લલુભાઇના પુત્ર થાય. તેવીજ રીતે તેમના બીજા પુત્ર ગોકળદાસના પુત્ર મોહનલાલ-ભાઇએ પણ, વડીલ બંધુ છોટાભાઇના સ્તુત્ય કાર્યને અનુસરી પોતાને પ્રાપ્ત થએલા ઉચિત પ્રસંગનો લાભ લઇ સંવત ૧૯૮૦ના પોસ મહી-નામાં તેજ શ્રી સિદ્ધ ક્ષેત્રનો સંઘ છરી પાળતા કાઢી જૈન શાસનનો મહિમા વધારવા સાથે પોતાની કિર્તિને પણ ઉજ્વલ બનાવી હતી.

કેટલાક પ્રસંગોને લીધે હું પણ તે સંઘમાં ગયો હતો; જૈન-ભાઇઓની ઉદારતા માટે દુનિઆમાં બે મત છેજ નહિ, તેમાંએ વળી આતો વીશા ઓસવાલ જ્ઞાતિના ગૃહસ્થ હોવાથી ઉદારતા માટે તો કહેવાનું હોયજ શાનું! દેશકાળને અનુસરી સંઘવી મોહનલાલ-ભાઇના પુત્રો ભાઇ કેશવલાલ વિગેરેએ તન, મન અને ધનથી ઘણી સારી રીતે સંઘની સેવા બજાવી હતી.

આવા દુષમ કાળમાં પણ પોતાની લક્ષ્મી ઉપરથી મુર્ચ્છા ઉતારી

સતકાર્યમાં યથેચ્છ વાપરનાર ભાગ્યશાળી નરના કિર્ત્તિસ્થંભને ચીરાયુધી બનાવવાને કાંઇપણ કરવું જોઇએ એવી મને સહજ કલ્પના થઇ, અને તે માટે હવે શું કરવું તેજ વિચારમાં હું ગુંથાયો.

કેટલાક દિવસો વિચારમાં ને વિચારમાં એમજ પસાર થયા, પરંતુ મને કાંઇપણ રસ્તો માલુમ ન પડયો. એક દિવસે અમે લીંબડી મુકામે રાત્રે બાર વાગે સંગીતની લહેજત ઉડાવવા, સંગીતનાં કેટલાંક સાધનો લઇ નદિના પટ ઉપર જઇ બેઠા, તે વખતે બધુએ હોવા છતાં અમારી મંડળીમાંના એક માણસે, કવિ રસીક (ઝવેરી ભોગીલાલ ધોળશાજી) આ કામમાં "આપણને ખાસ ઉપયોગી થઇ પડશે" એવું જાહેર કર્યું, અને તેજ વખતે તેમને પણ અમારી મંડળીમાં બોલાવવામા આવ્યા.

કવિ આવ્યા અને બધાએ સંગીતની મજાહ ઠીક ઉડાવી. આ વખતે મને મારા ઉત્પન્ન થએલા વિચારોને કયે રસ્તે પાર પાડવા તે સાંભરી આવ્યું, અને કવિને મારા વિચારો જણાવી તેટલું કામ તમારે કરી આપવુંજ પડશે એમ મેં જણાવી દીધું.

સંઘની સવિસ્તર બીના પદ્યાત્મક રચનાએ તૈયાર કરી. કવિ રસીકે પણ, પોતાને શારિરીક આરોગ્યતાનો અભાવ છતાં પણ ખરા ભાવથી મારી અંતર ઇચ્છાને પૂર્ણ કરવા, તેમજ વિતરાગ પરમાત્માના શાસન પ્રત્યેનો પોતાનો સાચો રાગ પ્રદર્શિત કરવા, "શ્રી સિદ્ધાચળ સંઘ પ્રયાણ" એ નામનું આ સંઘના સવિસ્તર બ્યાનનું એક રસીલું પુસ્તક રચી તૈયાર કર્યું, કે જે પુસ્તક છપાવી મેં ધર્મનિષ્ઠ સજ્જન મહાશયોની સેવામાં રજુ કર્યું છે.

રસીકની કવિતાની ભાષા સરળ અને રસમય, બાંધણી આલ્હાદ-

જનક, તેમજ દેશીઓ સ્ત્રી મંડળને અને પુરૂષવર્ગને અનુકૂળ પડે તેવીજ છે. તેમનાં બીજાં પુસ્તકો પણ મારા વાંચવામાં આવ્યાં છે જે એકએકથી વધારે રસીક છે.

આ પુસ્તકનું કદ કંઇક ઓછું થઇ જવાના સબબે અને સ્ત્રી વર્ગને અત્યંત ઉપયોગી હોવાને લઇને, તેજ કવિ રસીકની રચેલી શ્રી સિદ્ધચક્રની, પર્યુષણ પર્વની, કલ્પસૂત્રની, મહાવીર પ્રભુના નિશાળગયણાની; મુનિ આગમનની, મુનિ વિહારની તેમજ સમગ્ર મુનિમહારાજની અને શ્રી ગૌતમ સ્વામીજી, શ્રી ભદ્રબાહુ સ્વામી, શ્રી સ્થુલિભદ્રજી, શ્રી સિદ્ધસેન દિવાકર, શ્રી હરીભદ્રસૂરિ, શ્રી હેમચંદ્રસૂરિ, શ્રી હીર વિજયસૂરિં, શ્રી યશોવિજયજી, શ્રી વિનયવિજયજી, શ્રી પદ્મવિજયજી, શ્રી રૂપવિજયજી, શ્રી આત્મારામજી, શ્રી નેમવિજયજી, શ્રી સિદ્ધવિજયજી અને શ્રી રામવિજયજી આદિ, દેશકાળ અનુસારે શાસનની રક્ષા કરનાર તથા પ્રભવના કરનાર મહાન્ સાધુ પુરૂષોની ગુંહલીઓનો સંગ્રહ પણ ભેગો છપાવવામાં આવ્યો છે.


સંઘવી મોહનલાલભાઇએ આ સંઘમાં રૂપિઆ એક લાખ ઉપરાંત ખર્ચ કરી જેવી ઉદારતા દર્શાવી છે, તેવીજ રીતે પ્રથમે રણકપુરમાં પણ રૂપિઆ ત્રીસહજાર જીર્ણોદ્ધાર કરવામાં ઉત્સાહપુર્વક આપ્યા હતા. વળી કેટલાક ઠેકાણે ઉપાશ્રયો અને બીજા કાર્યોમાં સખાવતો કરવામાં પણ તેમણે પાછી પાની કરી નથી કે જેની સવિસ્તર નોંધ લેતાં પુસ્તક ઘણુંજ મોટું થઇ જાય!

આ પુસ્તક છપાઇને તૈયાર થઇ ગયા પછી તેમાં આવશ્યક એક બે બાબતો રહી ગએલી મને માલુમ પડી, અને તેથી તે બીનાને મેં મારા લેખમાં સ્થાન આપવાનું ઉચિત ધાર્યું. સંઘની અંદર આવેલા

દરેક મનુષ્યની આરોગ્યતા જાળવવા માટે નામદાર ગાયકવાડ સરકારના રાજ્યમાં આસીસ્ટંટ સરજનનો હોદ્દો ભોગવતા આપણા જૈનબંધુ ડોકટર ભગવાનદાસ ઝવેરચંદ શાહને આમંત્રણ કરવામાં આવ્યું હતું કે જેનો વગર આનાકાનીએ સ્વીકાર કરી કંઇપણ આર્થીક લાભની ઇચ્છા રાખ્યા વિના બે મહિના સુધીનો જાતીભોગ આપી પોતે સંઘમાં પધાર્યા હતા તેમનો તથા જિનેશ્વર પ્રભુની ભક્તિમાં પોતાના અપૂર્વ સંગીત બળે સંઘની દરેક વ્યક્તિને આનંદ પમાડનાર મારા પરમ સ્નેહી ભાઈ મોહનલાલ પાનાચંદ સુરતવાળાનો અને આ પુસ્તકના કર્ત્તા કવિ રસીક વિગેરેનો હું ખરા અંતઃકરણથી આભાર માની મારા હૃદયોદ્ગાર સમાપ્ત કરૂં છું.

લી. શાસન સેવક

ઝવેરી બાપાલાલ ચુનીલાલ વાદી.



સુચના.




કવિ રસીક વિરચિત પુસ્તકો.

ઢુંઢક પત્રકારને પ્રત્યુત્તર.	...	....	....	ગદ્યાત્મક.
સુબોધ રત્ન.	...	....	...	.... પદ્યાત્મક
રાજનગર રત્ન વિરહ.	...	...	...	,,
નવિન પંથ દિગ્દર્શન	....	....	....	,,
ગુરૂદેવ ગુણ મણિમાળા.	...	...	....	,,
પન્યાસજી મહારાજ મોહનવિજયજીનું ચરિત્ર...				,,
પન્યાસજી મહારાજ મુક્તિવિમળજીનું ચરિત્ર....				,,
કેસરીઆજી તીર્થમાળા	...	....	...	,,
સત્તર ભેદી પૂજા જુની દેશીઓમાં સરળ તથા રસમય.....	....	....	...	,,
સિદ્ધાચળ સંઘ પ્રયાણ.	....	....	....	,,



ॐ ह्रीं श्री संखेश्वर पार्श्वनाथाय नमः

શ્રી સિદ્ધાચળ સંઘ પ્રયાણ તીર્થમાળા.



મંગલાચરણ

દોહરા.

શ્રી સંખેશ્વર પાર્શ્વજી, ઇચ્છિત ફળ દાતાર,
આશ પૂરો અરિહંતજી, શિવરમણી ભરતાર. ૧
અખૂટ ખજાનો આપનો, જ્ઞાન દ્રવ્ય ભરપૂર,
સેવકપર કરૂણા કરી, આપો બુંદ સનૂર. ૨
થાય કૃપા જો આપની, તો હોય મૂરખ બુદ્ધ,
રોગી રોગરહિત બને, દુષ્ટમતિ હોય શુદ્ધ. ૩
આપ પસાયે ભગવતિ, શ્રીમતિ શારદ માય,
ઇચ્છિતવર મુજ આપશે, કરશે પૂર્ણ સહાય. ૪
શ્રી સિદ્ધાચળ તીર્થના, સંઘ પ્રયાણનું ધ્યાન,
રચવા મન ઉલસીત થયું, તેથી યાચુ જ્ઞાન. ૫
જ્ઞાનવંત પ્રભુ માહરી, વિનતડી સ્વીકાર,
કાર્ય પૂરણ કરવા દીયો, વચન વિલાસ ઉદાર. ૬

વિક્રમની વીસમી સદી, વીસ બરસ જબ ઉણુ,
સંઘ ચલ્યો તે વત્સરે, રચના તેની સુણુ. ૭

ઢાળ ૧ લી.

હાંરે મારે ઠામ ધરમના સાડા પચવીસ દેશજો. એ દેશી.

હાંરે મારે જંબુદ્વીપે ભરતક્ષેત્ર ગુણુ ધામજો,
દક્ષિણુ દિશિએ ગુર્જરદેશ સોહામણોરે લો,
હાંરે મારે રાજનગર તિહાં રાજ્યધાની અભિરામજો,
હમણા [1]અમદાવાદ જિહાં ધંધો ઘણોરેલો. ૧
હાંરે મારે પ્રસિદ્ધ **ઝવેરી શવચંદ** કુલચંદ નામજો,
[2]ચાર દિશા રૂપ ચાર પુત્ર છે તેહનેરે લો,
હાંરે મારે [1]લલ્લુ [2]ગોકુળ [3]લાલજી [4]બાલજી એહજો;
પુણ્ય પ્રમાણે વડ વિસ્તાર છે જેહનેરે લો. ૨
હાંરે મારે લલ્લુભાઈના પુત્ર જગત્ વિખ્યાતજો,
છોટાલાલ ઝવેરી પહેલા[3] સંઘવીરે લો,
હાંરે મારે ઓગણીસ ઓગણુસાઠે કાઢયો સંઘજો,
સુંદર તેની રચના એક રચે કવિરે લો. ૩

---

૧. પહેલા રાજનગર નામ પ્રસિદ્ધ હતું હાલ તેને બદલે અમદાવાદ નામથી ઓળખાય છે.

૨. પાંચ પુત્રો હતા, પણુ તે પાંચમા અપ્રસિદ્ધ હોવાથી તેમનું નામ લાવ્યા નથી.

૩. તેમના કુટુંબ મધ્યે પહેલા

હાંરે મારે ગોકુળદાસ તનય છે મોહનલાલજો;
ગાંડુઘેલુ જેમ તેમ મુખથી ઉચરેરે લો,
હાંરે માંરે હું પણ સંઘ ચલાવીશ ભારે ઠાઠજો,
સમય નિહાળી સર્વ તિંહા હાંસી કરેરેલો. ૪
હાંરે મારે ભાગ્યદશા તે વાદળ કેરી છાંયજો,
ક્ષણમાં રાજા ક્ષણમાં તે ભીક્ષુક બનેરેલો,
હાંરે મારે પુન્યઉદયથી પ્રાણી પામે રિદ્ધિજો,
પુન્યદશા બદલાતા રામ ગયા વનેરેલો. ૫
હાંરે મારે એજ પ્રમાણે મોહનલાલનું થાયજો,
પાપદશા પલટાઇ પુન્ય ઉદય થયોરેલો,
હાંરે મારે પ્રથમ પુત્ર તસ નામે કેશવલાલજો,
ધંધો કરવા માટે મુંબાપુરી ગયોરેલો. ૬
હાંરે મારે ડગલે ડગલે ડુંગર જેમ ચઢાયજો,
તેમ ક્રમે કરી વહેપારે વૃદ્ધિ લહેરેલો,
હાંરે મારે દ્રવ્ય કમાઈ ખર્ચે સારે માર્ગજો,
રસીક વાવરે વિત્તતણો વહેળો વહેરેલો. ૭

દોહરા

હવે સંક્ષેપે વરણવું, સંઘવીનો પરિવાર,
સંઘવણ ચંપાબાઇને, ચતુર પુત્ર છે ચાર. ૧
કેશવ ચંદુલાલ ને, માકુ ચીનુ ઉદાર,

પુત્રી એક **લીલાવતિ**, વિનયાદીક ગુણધાર. ૨
પ્રથમ પત્નિ સંઘવીતણી, દોય પુત્રી તસ હોય,
એક ગઈ પરલોકમાં, બીજી સંઘમાં જોય. ૩
ચાર સ્ત્રીઓ ચૌ પુત્રની, પુત્રી પુત્રસહિત,
સર્વ મળી સત્તર તણો, છે પરિવાર ખચીત. ૪
દ્વિતિય પત્નિની પુત્રીઓ, બન્નેનો પરિવાર,
સર્વ મળી **સંઘવી** તણો, મ્હોટો છે વિસ્તાર. ૫

ઢાળ ૨ જી.

પંચમ પદને ગાઇએરે—એ દેશી.

એક દિવસ નિજ તાતને બોલે, મોટો કેશવલાલરે,
પુજ્ય પીતાજી ધર્મ ઉજવવા, આજ્ઞા આપો હાલ,
અવસર એ રૂડો; મને જિનવાણીપર વ્હાલ,
અવસર એ રૂડો. ૧
જ્ઞાનોદ્યાપન ઠાઠમાઠથી, પહેલું કર એ કામરે,
પિતૃવચન અનુસારે કીધું, ઉજમણું ગુણધામ—અવ. ૨
જ્ઞાનતણા ઉપકરણ કરાવ્યા, સુંદર મન હરનારરે,
જ્ઞાન અને જિનભક્તિ કેરા, સાધન ધર્યા અપાર—અવ. ૩
સ્વામીવાત્સલ્ય કીધું ભાવે, ખરચ્યુ દ્રવ્ય ઉદારરે,
જુજ સમય વીત્યે ધન પામ્યા, ખરચ્યાથી હદપાર—અવ. ૪
ભક્તિરાગને શાસન પ્રેમે, વિકસિત થયું નિજ મનરે,

સુવર્ણ સાથે સુગંધ મળે તેમ, લક્ષ્મિ થઇ પ્રસન્ન—અવ. ૫
દેવ ગુરૂની ભક્તિ સાથે, તપ જપ ક્રિયા વિલાસીરે,
ઘણા તીર્થની યાત્રા કરતાં, ખરચ કરી શ્રી દાસી—અવ. ૬
રાણકપુરના જીર્ણોદ્ધારે, રૂપિઆ ત્રીસ હજારરે,
ઉમંગભર તે અરપણ કરીને, કીધો યશ વિસ્તાર—અવ. ૭
કંઇક સ્થળે ઉપાશ્રય કીધાં, વિત્ત વાવર્યું ઠીકરે,
જેમ ખરચે તેમ ઝાઝુ પામે, અનુભવ થયો રસીકુ—અવ.૮

દોહરા

અનુક્રમે નિજ ધનને કરે, સદ્‌માર્ગે ઉપયોગ,
ભાવવૃદ્ધિ ચઢતી રહે, પ્રગટ પુન્ય સંજોગ. ૧
એક દિવસ મન ચિંતવે, કેશવલાલ વિશેશ,
સંઘસહિત સિદ્ધાચળે, પ્રેમે કરૂં પ્રવેશ. ૨
નિજ બાંધવ ભેગા કરી, માત તાત સન્મુખ,
ભાવ જણાવ્યો હૃદયનો, રાખી પ્રફુલ્લિત મુખ. ૩

ઢાળ ૩ જી.

ચીત્રોડા રાજારે—એ દેશી.

મુજ બાંધવ ભાઇરે, એક હર્ષ વધાઇરે,
લય લાઈ કહું તે સાંભળજો સુદારે. ૧
માય તાયની મરજીરે, તેમ માહરી અરજીરે,

ગરજી વિણુ આવું કોણ વદે કદારે. ૨
સિદ્ધાચળ જઇએરે, સંઘ સાથે લઇએરે,
લ્હઇએ હવે પાવન માનવ જન્મનુંરે. ૩
સાર્થક એમ કરીએરે, સંસારને તરીએરે,
વરીએ અક્ષયસુખ જ્ઞાની એમ કહેરે. ૪
વળતા સહુ બોલેરે, નિજ અંતર ખોલેરે,
ભોળે દિલ નાના બંધુ ઉલ્લાસથીરે. ૫
તુજ વેણુ પ્રમાણુરે, અમ શીર મંડાણુરે,
અણુજાણે અનાદર જો હોય આપનોરે. ૬
તે મન નવિ આણોરે, લઘુ બાંધવ જાણોરે,
ટાળો એહ ઉત્તમ આપે આદર્યોરે. ૭
અમે સમ્મતિ દઇએરે, તમે કહો તેમ રહીએરે,
વહીએ સહુ કામો સંઘ પ્રયાણનારે. ૮
થયું સહુ અનુકૂળરે, એ પુન્ય અતુલરે,
સુખ મૂળ રસીક જન સહેજે પામતારે. ૯

દોહરા.

સફળ થઇ મન ધારણા, પ્રગટયો હર્ષ અપાર,
સ્વજન સંબંધી તેડીને, દર્શાવ્યો સુવિચાર. ૧
ધર્મરાગી ગુણિજન બહુ, ખુશ થયા તેણીવાર,
જય જય નાદ ઉચ્ચારતા, કરે સજાઇ સાર. ૨

રવિ ઉદયે સજ્જન સહુ, હરખે પામી પ્રકાશ,
ઘુવડ નિશાચર લંપટી, અંધા હુક નિરાશ. ૩
ધર્મોન્નતિના કાર્યમાં, શુરા કરે પ્રયાસ,
દ્રવ્ય દાનમાં પાંગળા, રાખે મિથ્યા ભાસ. ૪
કુવડી નહિ ખરચે કદા, કરશે મોટી વાત,
જનની ઉર તે જનમીયા, પથ્થર સમ સાક્ષાત. ૫
શુભ દિવસે સહુ સાથમાં, આજ્ઞા લેવા જાય,
નગરશેઠના દ્વારમાં, સામૈયા સહુ આય. ૬
પરંપરાને અનુસરી, શ્રીફળ પ્રમુખ ધરી ભેટ,
સંઘ ચલાવાની મને, આજ્ઞા આપો શેઠ. ૭

ઢાળ ૪ થી.

ચારિત્ર પદ નમો આઠમેરે—એ દેશી.

આજ્ઞા ગ્રહી ઉમંગથીરે,
પંડ્યો નાંખે ટેલ— સંઘવી રઢીઆળા.
છરી પાળતો જાય છે રે,
સંઘ સિદ્ધાચળ મહેલ— સંઘવી. ૧
વળતા તિહાંથી આવીયારે,
સંઘવી નિજ આવાસ— સંઘવી.
ડેરા તંબુ લાવીઆરે,
કરી સજાઈ ખાસ— સંઘવી. ૨

ગાદી તકીઆ ચંદ્રુવારે,
રાવઠીઓને પાલ— સંઘવી.
ગાડા ગાડી ઘોડલારે,
પાણી માટ પખાલ— સંઘવી. ૩
ભાલા બંદુક કામઠારે,
કરમાં લઇ તલવાર— સંઘવી.
રક્ષણુ કરવા સંઘનુંરે,
લાવ્યા ચોકીદાર— સંઘવી. ૪
એમ સાધન બહુ મેળવીરે,
કીધું સંઘ પ્રયાણુ— સંઘવી.
ચલિત ગ્રામ સરખું દીસેરે,
રચના રાજ્ય સમાન— સંઘવી. ૫
તૈયારી કરી હોંશથીરે,
સંઘપતિ રાજેશ— સંઘવી.
રસીક એ સમય નિહાળતારે,
ઉરમાં હર્ષ પ્રવેશ— સંઘવી. ૬

સોરઠા.

સાંભળ જીજી ટેલ, કૌતક આ કાંઇ અવનવું,
ગડબડ પડતી મેલ, પંડયો શું મુખ ઉચરે. ૧
સંઘતણી છે વાત, શ્રી સિદ્ધાચળ તિર્થના,
છરી પાળતો જાય, આપણુ પણુ સાથે જશું. ૨

કીકી સાચી વાત, જો તુજ તાત રજા દીયે,
તો જાશું સહુ સાથ, સિદ્ધાચળના સંઘમાં. ૩
ગયો વખત જ્યાં ઝુઝ, ઘરના માલિક આવીઆ,
બાળા બોલી ગુજ, આજ્ઞા માંગે હોંશથી. ૪



ઢાળ ૫ મી.

રાગ સોરઠ તાલ કેરબો.

બાપુ રજા દીઓ તો આજ અમે સંઘમાં જશું રે,
ગિરિવર દરશન ફરસન કરી ભાવે નિર્મળ થશુંરે- બાપુ. ૧
ઘરઘર લોક જવાનું બોલે, સંઘ બીજા નહિ આની તોલે,
ઉદારતા સંભળાય નથી ઓછું કશુંરે- બાપુ. ૨
ષટરી પાળીશું મનરંગે, વ્રત પચખ્ખાણ વળી ઉમંગે,
ડગલે ડગલે ગિરિવર સન્મુખ ચાલશું રે- બાપુ. ૩
સચિત સર્વનો ત્યાગ કરીને, બ્રહ્મચર્ય મનમાંહ ધરીને,
આવશ્યક દોય વાર કરી અઘ ટાળશું રે- બાપુ. ૪
ભુમી પર સંથારો કરશું, એકાસણુ હોંશે આદરશુ,
શાસ્ત્રાધારે છરી પાળતા મહાલશુંરે- બાપુ. ૫
કાલા વચન સુણી દીકરીના, તાત થયા આનંદે ભીના,
ભલે કરો તૈયારી આજ્ઞા આલશું રે- બાપુ. ૬
વાટે કામકાજને સારૂ, રામાને પણ લેજો વારૂ,
સિદ્ધાચળ સંઘ પહોંચે અમે પણ આવશું રે- બાપુ. ૭

જ્યાં ત્યાં વાતો આજ પ્રમાણે, રસીક સાંભળી આનંદ માણે,
ધન્ય કમાઇ તાસ સફળ પામ્યો વસુરે- બાપુ. ૮

દોહરા.

સામગ્રી સઘળી સજી, સંઘપતિએ બેશ,
વિનતિ કરે મુનિરાજને, ધરતો ભાવ વિશેશ. ૧
નેમવિજય ગુરૂ પાસ જઈ, આગ્રહ કર્યો અપાર,
પણ શારીરીક કારણે, કરી નવ શકે વિહાર. ૨
શિષ્ય સાધુને મોકલ્યા, દર્શનવિજયની સાથ,
સંઘવીને સંતોષીઆ, શીર પર મુકી હાથ. ૩
અવર મુનિ આગળ જઇ, કરે વિનંતિ ખાસ,
ધર્મવિજય ધર્માતમા, પૂર્ણ કરો મુજ આશ. ૪
પધારજો મુજ સાથમાં, ભક્તિવિજય મહા ભાગ,
ધર્મલાભને મુજને થશે, પુરણ મહારૂ ભાગ્ય. ૫
કાલ સવારે પ્રહસમે, થાશે સંઘ પ્રયાણ,
સામૈયામાં તે ઘડી, પધારશો ગુણ ખાણ. ૬
બીજા સાધુ સાધવી, વીનવ્યા ધરી વિવેક,
પોસ વદી છઠને દિને, પૂરણ કીધો ટેક. ૭

ઢાળ ૬ ઠ્ઠી.

પાવા તે ગઢથી ઉતર્યાં મહાકાળીરે.—એ દેશી.

સિદ્ધાચળના સંઘનો—સુણ સજનીરે,

આ વરઘોડો દેખાય–મ્હારી સજનીરે,
ઠાઠ અનુપમ એહનો–સુણુ સજનીરે,
બહુ લોકો જોવા જાય–મ્હારી સજનીરે. ૧
ધુર નિશાન કરે ગ્રહી–સુણુ સજનીરે,
તે સાથે નોબત નાદ–મ્હારી સજનીરે,
પાલખી મ્યાના ગોઠવ્યા–સુણુ સજનીરે,
બહુ સોબેલા આબાદ–મ્હારી સજનીરે. ૨
શ્રીફળ કરમાં સાહીને–સુણુ સજનીરે,
છે બેઠા ડોળી માંહ્ય–મ્હારી સજનીરે,
વૃદ્ધ શરીરે ક્ષીણુ છે–સુણુ સજનીરે,
તે સંઘપતિ સોહાય–મ્હારી સજનીરે. ૩
પાછળ રથ રૂપા તણો–સુણુ સજનીરે,
મહી સ્થાપ્યા છે વીતરાગ–મ્હારી સજનીરે,
સાજનમાં મહાજન મળ્યા–સુણુ સજનીરે,
આ મુનિમંડળ મહાભાગ્ય–મ્હારી સજનીરે. ૪
હંસગતિએ ચાલતી–સુણુ સજનીરે,
મુખ ગાતી મંગળ ગીત–મ્હારી સજનીરે,
લલના લટક મટક કરી–સુણુ સજનીરે,
મલકાતી નિજ નિજ ચિત્ત–મ્હારી સજનીરે, ૫
રક્ષણુ કરવા સંઘનુ–સુણુ સજનીરે,
આ ચાલે ચોકીદાર–મ્હારી સજનીરે,
બંદુક ભાલા કર ગ્રહી–સુણુ સજનીરે,

વળી આરબને અસવાર–મ્હારી સજનીરે. ૬
એમ વરઘોડો ચાલતો–સુણ સજનીરે,
ગયો માણેકચોક મોઝાર–મ્હારી સજનીરે,
જ્યાં બહુ જન જોવા મળ્યા–સુણ સજનીરે,
એ આનંદ રસીક અપાર–મ્હારી સજનીરે, ૭

દોહરા.

સુંદર વરઘોડા તણો, નિરખી ઠાઠ અપાર,
સજ્જન અતિ ઉલ્લાસથી, બોલે વચન શ્રીકાર. ૧
ધન્ય તમારી લક્ષ્મિને, ધન્ય સફળ પરિવાર,
દુષમ સમયે દીપતા, કરણ તુલ્ય દાતાર. ૨
તન મન ધન અરપણ કરી, કરજો ભક્તિ ઉદાર,
સંઘ ચલાવી શુભ મને, તીર્થપતિ પદ ધાર. ૩
એમ હરષિત હૃદયે સહુ, કરજોડી શીર નામ,
સંઘપતિને ભાવથી, લળી લળી કરે પ્રણામ. ૪
અનુક્રમે સઘળા ચાલતા, આવ્યા નદિતટ નામ,
પ્રથમ પડાવ એ સંઘનો, [1]મીઠાખળી મુકામ. ૫
સગા સંબંધી ત્યાં કરે, લોકતણુ સન્માન,
જમણ જમી સહુ કો જશો, એ સંઘવીની વાણ. ૬
ચાર દિવસ ત્યાં શોભતા, સાજન મહાજન શેઠ,
આવી ઉમંગે આપતા, ભિન્ન ભિન્ન બહુ ભેટ. ૭

ઢાળ ૭ મી.

મન મંદિર આવોરે કહુ એક વાતલડી–એ દેશી.

સંઘ ચાલ્યો ઉમંગેરે, સિધ્ધાચળની વાટે,
ભવિજન બહુ સંગેરે, દુરિત હરવા માટે,
મળ્યા સદ્‌ગુણી શ્રાવકરે, શ્રાવિકા હર્ષ ધરી,
ષટરી પાળંતારે, એકેક ડગલુ ભરી–સંઘ. ૧

સાખી.

પોસ વદિ દશમી દિને, આવ્યા [૨]સરખેજ ગામ,
વાસુપુજ્ય જુહારીઆ, એ બીજો મુકામ.
તીંહા તે દિન કીધીરે, નોકારસી સંઘવીએ,
બહુ ભોજન કરતાંરે, સાબાશી લોક દીએ–સંઘ. ૨

સાખી.

પોસ વદિ અગીઆરસે, [૩]સાણુંદ આવ્યો સંઘ,
પદ્મપ્રભુ ને પાર્શ્વનાથ, ભેટે ધરી ઉમંગ.
કરે સંઘની સેવારે, જમણુ તે લોક ખરે,
વળતે દિન સંઘવીરે, નોકારસી હોંશે કરે–સંઘ. ૩

સાખી.

ચતુર્દશીને દિન કર્યો, [૪]છારોડીએ પડાવ,
પોષ અમાસે આવીઆ, [૫]જખવાડા શુભ દાવ.
દોય સંઘ જમાવેરે, તે દો દિન સંઘપતિ,
કરે ભક્તિ ભલેરીરે, વિવિધ પકવાન્ન વતિ–સંઘ. ૪

સાખી.

મહા સુદ એકમને દિને, [૬]વીરમગામ સુઠામ,
પડાવ છઠ્ઠો તે સ્થળે, હોય દિવસના ધામ.
ષટ્ મંદિર સોહેરે, [૧]અજિત જિન આદિ તિહા,
ચિંતામણિ પારસરે, ધર્મ વળી શાન્તિ જિહાં–સંઘ. ૫

સાખી.

ગામતણું મહાજન મળી, સંઘ જમાડે સાર,
બીજે દિન સંઘવી કરે, નોકારસી શ્રીકાર.
ગયા ગામ [૭]ગોરૈયેરે, ભેટયા જિન શાન્તિ વળી,
જૈનશાળા જમાડેરે, શ્રી સંઘને હોંશે મળી–સંઘ. ૬

સાખી.

મહા સુદ ચોથે ઉપડયો, સંઘતણો સમુદાય,
[૮]ઉપરીયાળા તીર્થમાં, આવી સહુ હરખાય.
વાડીલાલ જેઠાએરે, તિંહા વાત્સલ્ય કર્યું,
ભલુ ભોજન કીધુંરે, રસીક જન હૃદય હર્યું–સંઘ. ૭

દોહરા.

ઉપરીયાળા તીર્થનો, મહિમા સુણી અપાર,
ઠાઠ માઠથી આવીઆ, જિન વંદન જયકાર. ૧
મૂળનાયક આદિ પ્રભુ, આદિ ધર્મ દાતાર,

---

૧. અજિતનાથજીના બે દહેરાસર.

ચંદ્રવદન જિન દેખતાં, હર્ષતણો નહિ પાર. ૨
સ્વરૂપ વિલોકી નાથનું, મન્મથ ભયો અનંગ,
સંઘપતિ ગુરૂ સહુ વદે, જીન ગુણુ વિવિધ તરંગ. ૩

ઢાળ. ૮ મી.

મહાકોપ થયો કાળી કાળમાજો-એ દેશી.

અલબેલી મૂરત આદિનાથની જો,
જેણે જીત્યા છે ક્રોધ કષાયજો,
વશ કીધા જગતના લોકનેરે જો,
એવી સુંદર સુરત સોહાયજો,
બલિહારી વૃષભ જિનરાજનીજો. ૧
દયા દાન ક્ષમાદિ ભૂષણે જો,
પ્રભુ દીપે તમારો દેદારજો,
મોહ વીલે મોંઢે ગયો વેગલોજો,
તુજ આગે એના શા ભારજો— બલિહારી. ૨
પ્રભુ અકળ કળા શક્તિ ધણીજો,
તમે લીધું છે શિવપુર રાજજો,
કૃપાનાથ કૃપા કરી મુજ ભણીજો,
મુજ દેતા વધે બહુ લાજજો— બલિહારી. ૩
સંસાર દાવાનળ ઠારવાજો,
જળબુંદ સમા જિનરાજજો,

ભવજંગલમાં ભટકી ઘણુંજો,
તુમ પાસે આવ્યો મહારાજજો— બલિહારી. ૪
મરૂદેવા તનય તને વિનવું જો,
મારૂ આવા તે ગમન નિવારજો,
નૃપ નાભીના નંદ યશ પામીએ જો,
શિવ દઇએ રસીક દાતારજો— બલિહારી. ૫

દોહરા.

દ્વિતિય ચોથ મહા સુદની, ગયા [9]બજાણુા ગામ,
શાન્તિ જિનેશ્વર ભેટીને, પામ્યા હર્ષ તમામ. ૧
ગુલાબચંદ નગીનનો, સંઘ જમ્યો તે ઠામ,
પાંચમને દિન [10]એરવા, કીધો સંઘ મુકામ. ૨
વાસુપૂજ્ય જિનરાજનું, મંદિર શોભે ત્યાંય,
ધાતુમય જિન બિંબને, પૂજી આનંદ પાય. ૩
ચુનીલાલ તલ્લક તણો, સંઘ જમ્યો સુખદાય,
છઠ દિન [11]સવલાણુા ગયા, ત્યાં સંઘવીનો થાય. ૪
તિહાંથી [12]લખતર ઉપડયા, મહા સુદિ સાતમ દિન.
આદિશ્વર અરિહંતને, ભેટયા થઈ લય લીન. ૫
દીવાન સ્વામી ભાઇએ, સ્વામી વાત્સલ્વ કીધ,
સંઘ ઉમંગે નોતરી, સુંદર ભોજન દીધ. ૬
આઠમને દિન ઉપડી, આવ્યા [13]બાલા રોડ,
શવચંદ ફુલચંદ નામથી, સંઘ જમ્યો ત્રણ જોડ. ૭

ઢાળ ૯ મી.

શહેરનો સુબો ક્યારે આવશેરે.—એ દેશી.

મહા સુદિ નોમે આવીયારે,
[૧૪]વઢવાણુ સુંદર શહેરરે, સાજનીયા,
આદીશ્વર ભેટી ગયારે,
પાર્શ્વ જિનેશ્વર ઘેરરે, સાજનીયા,
સંઘની શોભા શી કહુરે. ૧
નવનવી રચના થાયરે, સાજનીયા,
ચંદુ ગોકુળદાસનુંરે
સંઘ જમણુ સુખદાયરે, સાજનીયા. સંઘની. ૨
વઢવાણુવાસી જાગીઆરે,
સાંજે સંઘ રોકાયરે, સાજનીયા,
બીજે દિન જમ્યા તેહનોરે,
સંઘ ઉમંગે ત્યાંયરે, સાજનીયા સંઘની. ૩
અજવાળી અગીઆરસેરે,
[૧૫]ખારવા કીધ મુકામરે, સાજનીયા
સંઘ જમ્યો સંઘવીતણોરે,
આવ્યા[૧૬] લીંબડી ઠામરે, સાજનીયા. સંઘની. ૪
લોક હોંશીલા તે સ્થળેરે,
સામૈયુ કર્યું બેશરે, સાજનીયા,
સર્વ સહિત સંઘવી કરેરે,

પ્રેમે પુરમાં પ્રવેશરે, સાજનીયા. સંઘની. ૫
મંદિર ત્રણ તિંહા દીપતારે,
શાન્તિનાથના દોયરે, સાજનીયા,
એક શ્રી પાર્શ્વજિણંદનુરે,
ભક્તિભરે સહુ જોયરે, સાજનીયા. સંઘની. ૬
ગામે કરી નોકારશીરે,
સંઘવીએ પણ કીધરે, સાજનીયા,
દરબાર સાહેબ આવીઆરે,
સંઘ મુલાકત લીધરે, સાજનીયા. સંઘની. ૭
સ્ત્રી સમુદાય તે ગામનોરે,
ગાયે રસીલા ગીતરે, સાજનીયા,
રસીક તે સમય વીલોકીનેરે,
ચકિત બને જન ચિત્તરે, સાજનીયા. સંઘની. ૮

દોહરા

દોય દિવસ તિહાં કને રહી, આવ્યા [૧૭]ચુડા ગામ,
ચતુર્દશી દિન ભેટીઆ, સુવિધિનાથ ગુણધામ. ૧
ગામ તણા લોકો મળી, સંઘ જમાડે સાર,
બીજે દિન નોકરસી, સંઘવી કરે ઉદાર. ૨
મહાવદિ પડવે સંઘનો, [૧૮]રાણપુરે મુકામ,
છગનલાલ લલુભાઇ, જમણ કરે તે ઠામ. ૩

શાન્તિ જિણુંદ જુહારીને, સંઘ ઉપડી જાય,
[19]અલઉ મુકામે ભેટવા, વાસુપૂજ્ય જિનરાય. ૪
જેસીંગ દામોદર તણો, સંઘ જમ્યો સુખદાય;
મહા વદિ ત્રીજે ઉપડી, દ્વિતિય મુકામે જાય. ૫

ઢાળ ૧૦ મી.

આવો જમાઇ પ્રાહુણા ગુણવંતાજી—એ દેશી.

સંઘ સહિત સહુ આવીઆ— સુણો સંતાજી,
સુંદર સ્થળ [20]બોટાદરે— જયવંતાજી,
આદીશ્વર જિનદેવને— સુણો સંતાજી,
ભેટયા ધરી આલ્હાદરે— જયવંતાજી. ૧
મહાસુખ લલુભાઇનો— સુણો સંતાજી,
સંઘ જમ્યો તિહાં સારરે— જયવંતાજી,
દ્વિતિય દિવસ તે ગામનું— સુણો સંતાજી,
જમણ થયું સુખકારરે— જયવંતાજી. ૨
મહાવદિ પાંચમે ઉપડી— સુણો સંતાજી,
[21]લાઠીધર સહુ આયરે— જયવંતાજી,
ચંદ્ર પ્રભુ જિનચંદને— સુણો સતાજી,
ભેટી ભવિ ઉલસાયરે— જયવંતાજી, ૩
સંઘવી કેશવલાલનો— સુણો સંતાજી,
સ્વસુર જમાડે સંઘરે— જયવંતાજી,

સાથે સ્વસુર નિજ ભેળવી— સુણો સંતાજી,
જમણુ કરે અતિ ચંગરે— જયવંતાજી. ૪
તિહાંથી આગળ જઈ કર્યો— સુણો સંતાજી,
[૨૨]લખીચાણી મુકામરે— જયવંતાજી,
મુનિસુવ્રત જિન ભેટીયા— સુણો સંતાજી,
ધાતુમઇ ગુણ ધામરે— જયવંતાજી. ૫
સંઘવી મોહનલાલના— સુણો સંતાજી,
મામા અરધે ભાગરે— જયવંતાજી,
સંઘ જમાડે રંગથી— સુણો સંતાજી,
બીજા બેનો લાગરે— જયવંતાજી. ૬
મહાવદિ અષ્ટમીને દિને— સુણો સંતાજી,
[૨૩]પછેગામ વિશ્રામરે— જયવંતાજી,
ધર્મનાથ જિનદેવને— સુણો સંતાજી,
પ્રેમે કરે પ્રણામરે— જયવંતાજી. ૭
દોલત મન્છાચંદનો— સુણો સંતાજી,
સંઘ જમ્યો ઉછરંગરે— જયવંતાજી,
જૈનેતર તે ગામના— સુણો સંતાજી.
નૃત્ય કરે ઉમંગરે— જયવંતાજી. ૮
સંઘપતિ આગળ નાચતા— સુણો સંતાજી,
ગાતાં ગીત રસાળરે— જયવંતાજી.
અજબ છટાએ ડોલતા— સુણો સંતાજી,
સરસ જમાવે તાલરે— જયવંતાજી. ૯

નિરખી ઉમંગ તે લોકનો— સુણો સંતાજી.
સંઘવી ચિત્ત ડોલાયરે— જયવંતાજી,
શીખ દઈ વિદા કર્યા— સુણો સંતાજી,
વળી એક અચરીજ થાયરે— જયવંતાજી. ૧૦
૨૪વળા નૃપતિ તિંહા આવીઆ— સુણો સંતાજી,
સંઘ તેડવા માટરે— જયવંતાજી,
શોક નિવાર્યો સુત તણો— સુણો સંતાજી,
જોવા સંઘનો ઠાઠરે— જયવંતાજી. ૧૧
તિહાં કને આવીને જશો— સુણો સંતાજી,
જિંહા મન આપનું ચહાયરે— જયવંતાજી,
અતિ આગ્રહથી હા ભણી— સુણો સંતાજી,
બીજે દિન ત્યાં જાયરે— જયવંતાજી. ૧૨
પ્રાચિન આ નગરી તણુ— સુણો સંતાજી,
વિમળાપુરી છે નામરે— જયવંતાજી,
પછી વલભીપુર નામથી— સુણો સંતાજી,
હાલ વળા એ ગામરે— જયવંતાજી. ૧૩
દેવર્ધિંગણી તે સ્થળે— સુણો સંતાજી,
ક્ષમા શ્રમણ મહાભાગરે— જયવંતાજી,
પુસ્તકારૂઢ કરી મુદા— સુણો સંતાજી,
કર્યો ઉપકાર અથાગરે— જયવંતાજી. ૧૪
તેહ મુકામે આવીઆ— સુણો સંતાજી,
માન દીયે દરબારરે— જયવંતાજી,

સામૈયુ સુંદર કર્યું— સુણો સંતાજી,
રસીક તે હર્ષ અપારરે— જયવંતાજી. ૧૫

દોહરા.

સંઘપતિને ભેટવા, ગામ તણા સહુ લોક,
વિધવિધ સામગ્રી સજે, રાય નિવારે શોક. ૧
સુંદર જરિના સાજશું, સાજ્યો ભલો શણગાર,
ગાડી મ્યાના પાલખી, ઘોડાને અસ્વાર. ૨
જે જોઇએ તે લ્યો તમે, વદે વળાપતિ વાણ,
પણ ઉન્નત ભાવે કરો, સંઘ ભક્તિ ગુણખાણ. ૩

ઢાળ ૧૧ મી.

અભિનવજ્ઞાન ભણ્ મુદારે લાલ—એ દેશી.

સામૈયુ રળિયામણુંરે લાલ,
ગામ વળામાં થાયરે સુગુણ નર;
દરબારી અસબાબથીરે લાલ,
શોભા ઓર જણાયરે સુગુણ નર;
સંઘ ચલ્યો સિદ્ધાચળેરે લાલ. ૧
મ્યાનો મઢયો જરિઆનશુંરે લાલ,
બેઠા સંઘવી માંહ્યરે સુગુણ નર,
દેવ વિમાન જીસ્યો દીપેરે લાલ;

વર્ણન કરી ન શકાયરે સુગુણ નર— સંઘ. ૨
વાજિંત્ર નાદ બજાવતારે લાલ,
જિન મંદિર ભણી જાયરે સુગુણ નર;
સ્થળ સ્થળ સદ્‌ગુણિ શ્રાવિકારે લાલ.
પૂજે ગુરૂના પાયરે સુગુણ નર— સંઘ. ૩
ગુંહુળી કરીને વધાવતીરે લાલ,
અક્ષત સોવન ફુલરે સુગુણ નર;
જિન ગૃહ પાસે આવીઆરે લાલ.
શોભા જાસ અમૂલરે સુગુણ નર— સંઘ. ૪
પાર્શ્વ જિનેશ્વર ભેટીઆરે લાલ,
ગુરૂ દેવર્ધિ બિંબરે સુગુણ નર,
નીરખી નયન પાવન કર્યારે લાલ,
સ્વચ્છ જળે મળ જીમરે સુગુણ નર— સંઘ. ૫
સંઘવી કેશવલાલનોરે લાલ,
વિલાયત વસનારરે સુગુણ નર;
સહીઆરી સાથે મળીરે લાલ,
સંઘ જમાડે સારરે સુગુણ નર— સંઘ. ૬
મહા વદિ દસમે આવિઆરે લાલ,
૨૫ઉમરાળા એક ગામરે સુગુણ નર;
અજિત જિણંદ જુહારીઆરે લાલ.
મોટા ગલાબજી નામરે સુગુણ નર— સંઘ. ૭

સંઘ જમણુ સારૂં કર્યુંરે લાલ,
ત્યાંથી [૨૬]સણોસરા જાયરે સુગુણ નર,
વૃષભ જિનેશ્વર વંદતારે લાલ.
પાતીક દૂર પલાયરે સુગુણ નર— સંઘ. ૮
સંઘ જમ્યો દોય ભાગમાંરે લાલ,
મહા વદિ બારસે આયરે સુગુણ નર;
શા વીરચંદ દયાચંદનુંરે લાલ,
[૨૭]નવા ગામ સુખદાયરે સુગુણ નર— સંઘ. ૯
સુરત નિવાસી એહનુંરે લાલ,
છેલ્લુ જમણુ ગણાયરે સુગુણ નર;
ગિરિવર તરફ નિહાળતારે લાલ.
રસીક ઉમંગી જણાયરે સુગુણ નર— સંઘ. ૧૦

દોહરા

ડગલે ડગલે ચાલતા, આવ્યા અંતિમ ગામ;
જિહાંથી ગિરિવર દીપતો, સકળ તીર્થનો સ્વામ. ૧
ઉલસિત હૃદયે સંઘવી, સાથે જન સમુદાય;
વધાવવા ગિરિરાજને, ભાવ સહીત સહુ જાય. ૨
મળી તિહાં ભલી મેદની, હર્ષ તણો નહિ પાર;
પ્રથક પ્રથક જન ઉચરે, નિજ નિજ હૃદયોદ્ગાર. ૩

ઢાળ ૧૨ મી.

હાંરે કીને દેખા હમેરા સ્વામી—એ દેશી.

તારા સંઘ તણી બલિહારી,
તમે ભક્તિ કરી બહુ સારીરે. તારા.—એ ટેક

મણિ મુક્તાફળ હેમ રજતશું,
ગિરિ પૂજ્યો જયકારીરે. તારા.
સાચા દિલથી સંઘ ચલાવ્યો,
હોંશ પૂરણ કરી ભારીરે. તારા. ૧

સ્થળ સ્થળ સુંદર સંઘ જમાડયા,
સંતોષ્યા વૃત ધારીરે. તારા.
યાચક જનને દાન દઇને,
દારિદ્રતાને નિવારીરે. તારા. ૨

ગામ ગામ જિન મન્દિર માંહે,
પૂજા રચી સુખકારી રે; તારા.
સંગીત સાથે સ્તવન પૂજાઓ,
ગાતાં આનંદકારીરે. તારા. ૩

સાથે સરસ એક ચર જિનમંદિર,
રચના તેહની ન્યારીરે. તારા.
સંઘો બહુ આવે પણ તેહમાં,
આ જુગતી નવ ધારી રે. તારા. ૪

અનુપમ સુંદર ત્રણ જિનવરની,
કાન્તિ મન હરનારી રે. તારા.

મૂળ નાયક આદિપ્રભુ સોહે,
અવર હોય પણ ખ્યારી રે. તારા. ૫
ત્યાં પણ નીત્યે આંગી રચાયે,
સુંદર ફુલની કયારી રે. તારા.
વિવિધ સુરંગી સુરભી સુમનના,
પગર ભરે નરનારી રે. તારા. ૬
એક દિવસ મણિ મુક્તાફળની,
લીંબડી ગામ મઝારી રે. તારા.
દેદિપ્યમાન રચી જિન અંગે,
પૂજા દુઃખ દહનારી રે. તારા. ૭
રાત્રીજગા પણ બહુ સ્થળ કીધા,
પ્રભાવના વીસ્તારી રે; તારા.
સ્ત્રી મંડળને ગાવા તેડી,
આપે વસ્તુ અપારી રે. તારા. ૮
એમ કથન અમે કેટલું કરીએ,
દુઃખડા લઇએ વારી રે; તારા.
રસીક છટા નીરખી મન માને,
સંઘ એ શિવપૂર બારીરે. તારા. ૯

દોહરા.

મહા વદ તેરસને દિને, ઉરમાં હર્ષ અશેષ,

શુભ શુકને સંઘે કર્યો, [૨૮]પાલીતણે પ્રવેશ. ૧
નોકારશી તે દિન કરી, દીધા યોગ્ય ઇનામ,
ઉદારતા દેખી કરે, ભોળા લોક પ્રણામ. ૨
સામૈયુ ગામે કર્યું, શક્તિ તણે અનુસાર,
ક્ષિણુ કાન્તિ પણ ઇંદુની, તારાથી અતિ સાર. ૩
જિન શાસન જિન ભક્તની, બલિહારી જગમાંહ્ય,
હસ્તિ કને ખર સારીખા, દરશન અવર જણાય. ૪
સયણુ મળ્યા બહુ તે સ્થળે, પાણી પૂર સમાન,
શહેર ભયુ રળિઆમણુ, જર્યું ચર દેવ વિમાન. ૫
ધન્ય દિવસ ધન્ય તે ઘડી, વર્ણન કર્યું ન જાય,
પુલકિત હૃદયે ભવિજના, જિન મંદિરમાં આય. ૬
આદિ જિણંદ જુહારીને, ગયા તલાટી ખાસ,
ગિરિ પૂજન વંદન કર્યું, આણી ભાવ ઉલ્લાસ. ૭
ગુરૂ સહ સ્તવન ઉચ્ચારતા, રોમ વિકસ્વર થાય,
સંઘપતિ નયણે હર્ષના, આંસુડા દેખાય. ૮
આજ સફળ દિન માહરો, પ્રગટયા પુણ્ય અંકુર,
નર ભવ પણ લેખે થયો, દુરિત ગયા સહુ દૂર. ૯

ઢાળ ૧૩ મી.

પ્રભુ નિર્મળ દરિશન કીજીએ–એ દેશી.

ગિરિરાજ પૂજીને લાહો લીજીએ,

લીજીએ લીજીએ લીજીએ— ગિરિરાજ.
સકળ તીર્થ શીરતાજ સુહંકર,
રજ ભવિજન શીર દીજીએ— ગિરિરાજ. ૧
પંચમ આરે ભરત ક્ષેત્રમાં,
શિવરમણિ ન વરીજીએ— ગિરિરાજ.
જગત અનાદિ અનંત ભટકતા,
ભવિજન કેમ ઠરીજીએ— ગિરિરાજ. ૨
દુર્લભ માનવ જન્મ ધરીને,
જ્ઞાની વિના નવિ સીઝીએ— ગિરિરાજ.
જ્ઞાનિ વિરહ આ ક્ષેત્રમાં આજે,
પણ ગિરિ ભાવ ધરીજીએ— ગિરિરાજ. ૩
તો નર જન્મ કૃતારથ હોવે,
વિધિએ ફરસન કીજીએ— ગિરિરાજ.
દાવાનળ સમ દુઃખમ કાળે,
આતમ મુક્તિ કરીજીએ— ગિરિરાજ. ૪
આજ મહોદય પુન્યથી પામ્યો,
દર્શને દુરિત ખપીજીએ— ગિરિરાજ.
રસીક સ્તવન ગિરિરાજનું કરતા,
મોક્ષ સુધારસ પીજીએ— ગિરિરાજ. ૫

———

દોહરા.

મહા વદિ ચૌદસ પ્રહ સમે, લોક ચઢયા ગિરિ શ્રૃંગ,
એ વર્ણન કેમ કરી હુવે, જન મન અતિહી ઉમંગ. ૧
પરમ પવિત્ર એ તીર્થનો, મહિમા મહીયલ માંહ્ય,
સફળ સુરાસુર ભૂપતિ, એક તાનથી ગાય. ૨
નિર્મળ શ્રી જિન બિંબની, નિરૂપમ કાન્તિ દેખ,
ચંદ્ર પ્રભા ગગને વસી, ત્યાગ કરી નિજ ટેક. ૩
એવા અદ્ભૂત જિન તણા, બિંબ ઘણા સોહાય,
તે ગિરિ શિખરે આવતા, ભવિ પ્રાણિ હર્ષાય. ૪
મૂળ નાયક શ્રી આદિ દેવ, પ્રથમ યતિ મહારાજ,
પ્રથમ ભૂપ પૃથ્વિ તણા, પ્રથમ તીર્થ પતિ ઝહાઝ. ૫
તે આદિ જિન મંદિરે, સંઘવી કરે પ્રવેશ.
સાથે સજ્જન બહુ મળ્યા, ઉલ્લટ ભયો વિષેસ. ૬
મધુર સ્વરે જિન ગુણ સ્તવે, તન મન કરી એકતાન,
ભવ સમુદ્રમાં ડુબતા, તારો શ્રી જિન ભાણ. ૭

ઢાળ ૧૪ મી.

અઢારમે ભવ સાત સુપન સુચિત સતિ—એ દેશી.

આદિ જિનેશ્વર આદિ પ્રવર્ત્તક ધર્મના,
આદિ જગત્ ઉપકારી તમે શિવ શર્મના,
આદિ યતિ શીર શેખર આદિ નરેશ્વરૂ,

આદિ પ્રભુ અરિહંત વિનંતી ઉચરૂ. ૧
આ અવસર્પિણિ કાળમાં પ્રથમ બતાવીઓ,
નિશ્ચય ને વ્યવહાર માર્ગ જગ જય ભયો,
યુગલા ધર્મ નિવારક દેવ દયા કરી,
સેવક જાણી બાંહ્ય ગ્રહો ભવ જળ તરી. ૨
અશરણ શરણ જિણંદ ચદ તુજ દર્શને,
ભવિ સાયર ઉલસાય વિકાસ કુમુદ વને,
હું નિર્ભાગ્ય હે નાથ કર્મ ભારે ભર્યો,
તુજ સરીખો મળે યોગ ચાર ગતિમાં ફર્યો. ૩
શેષ પુન્ય સુપસાય આ નર ભવ પણું લહ્યો,
આર્ય ક્ષેત્ર કુળ ઉત્તમ રોગ રહિત થયો,
પામ્યો સર્વ સામગ્રી છતાં મોહે ગ્રહ્યો,
દુઃખ દરિયામાં દેવ સહાયક તું રહ્યો. ૪
ભવ ભ્રમણાનો ત્રાસ હ્રદયમાં ધારતા,
ભાસે દુઃખ અનંત જગત્‌ની અસારતા,
જાણું છું જગતાત છતાં મોહે ફસ્યો,
વાઘ નદિ તટ ન્યાય હું વચમાં જઇ વસ્યો, ૫
આલંબન એક આદિ કરણ પ્રભુ તાહ્યરૂ,
અવર નથી આધાર કોઇ જગ માહ્યરૂ.
શાસનના શણગાર સમર્થ તું મુજ ભણી,
છોડવ મોહનો પાસ એ અરજ **રસીક** તણી. ૬

દોહરા.

વૃષભ જિણંદ સ્તુતિ કરી, ફરે પ્રદક્ષણા સાર,
શ્રેણિ બંધ જ્યાં શોભતા, જિન મંદિર જયકાર. ૧
દ્વિતિય દિને નવ ટુંકના, દર્શન કરે શ્રીકાર,
અનુપમ જિનગૃહ જોવતા, પામે હર્ષ અપાર. ૨
આંગી સર્વ સ્થળે રચી, કનક પત્ર વર ચંગ,
પુષ્પ પગર ભરી ભાવથી, કીધો અદ્ભૂત રંગ. ૩
સંઘપતિ સાથે બહુ, લોક ચઢયા ગિરિશ્રૃંગ,
નિરખી નિરૂપમ જગપતિ, પામે અતિ ઉછરંગ. ૪
શિખર પર ધ્વજ બાંધતા, સંઘપતિ અતિ ઉદાર,
આદિનાથ અંગે ધર્યો, સુંદર મૌક્તિક હાર. ૫
રથ યાત્રાદિક કાર્યમાં, ઉલ્લટ ધરે વિશેષ,
પૂજા નિત નિત નવ નવી, ભણાવતા બહુ બેશ. ૬
ફાગણ સુદ બીજને દિને, પહેરે તીરથમાળ;
એમ ઘણા કાર્યો કરે, સંઘવી થઈ ઉજમાળ.
તીર્થ માળ જોવા મળ્યા, સજ્જન મોટે થોક,
જય જય નાદ ઉચ્ચારતા, ગાઢ સ્વરે સહુ લોક. ૮
એહ સમય અવલોકતા, સુરગુરૂ પણ સ્થીર થાય,
તો મુજ સરીખા બાળથી, કેમ કરી ધ્યાન કથાય. ૯

ઢાળ ૧૫ મી.

સિદ્ધાચળ શિખરે દીવોરે—એ દેશી.

તમે પહેરો સંઘપતિ રસીયારે— મનહર એ તીરથ માળા.
જન મન જોવા ઉલ્લસીયારે— મનહર,
શિવરમણિની સાહેલીરે— મનહર,
ઈચ્છિત સુખદાયક વેલીરે— મનહર. ૧
ધન્ય ભક્તિ તમારી આપેરે— મનહર,
તુમ રોગ ઉપદ્રવ કાપેરે— મનહર,
ગુરૂ મંત્રે ગુણના દરિયારે— મનહર,
ઠવી વાસ મુખે ઉચરીયારે— મનહર. ૨
કોઇ પુન્યશાળી નર પામેરે— મનહર,
કોઇ પામે પણ ન વિરામેરે— મનહર,
વૃત્ત નિયમ કરીને વરજોરે— મનહર,
નિજ કંઠે સ્થાપન કરજોરે— મનહર. ૩
ગુરૂ વાણિ તહત્ત કરી ધારેરે— મનહર,
જય જય સહુ લોક ઉચ્ચારેરે— મનહર,
ગુણિ જન મન હરખે પેખીરે— મનહર,
દુર્જન દિલે દાઝે દેખીરે— મનહર. ૪
ધરી અંગે સંઘપતિ ચાલેરે મનહર,
લહી અવસર મનમાં મ્હાલેરે— મનહર,
સંઘવીને સર્વ વધાવેરે— મનહર,
કવિ રસીક ઉમંગે ગાવેરે. મનહર. ૫

દોહરા.

ગિરિવર પરથી ઉતરી, ગયા અવર કોઈ ગામ,
તીર્થમાળ પહેર્યા પછી, કો ન રહે તે ઠામ. ૧
એ આજ્ઞાને અનુસરી, રાત રહ્યા જઇ ત્યાંય,
દ્વિતિય દિને આવી ગયા, પાલીતાણા માંહ્ય. ૨
એમ ક્રમે આગળ વધી, કર્મ નિર્જરા કાર,
બાર અને ષટ ગાઉનો, ડુંગર ફરસ્યા સાર. ૩
બાર ગાઉ ફરતા કરી, નોકારસી દો દિન,
ભાતુ પણ વહેંચ્યુ ભલુ, થઇ ભક્તિમાં લીન, ૪
સર્વ કાર્ય પૂરણ કરી, કર્મ મેલ ધોનાર,
શત્રુંજયી નહાવા ગયા, સાથે સંઘ ઉદાર. ૫
શત્રુંજયી સુર વાહિની, નિર્મળ જળ ભંડાર,
નિર્મળ મન સ્નાને કરી, પામે ભવિ ભવ પાર. ૬
એમ રટણ કરતા કર્યું, ન્હવણ સંઘવી આપ,
તન મન ધન નિર્મળ કર્યું, સુંદર સરીતૂ પ્રતાપ. ૭

ઢાળ ૧૬ મી.

ભરતજી કહે સુણો માવડી—એ દેશી.

સિદ્ધગિરિ નામ સોહામણું,
જપતા ભવિજન વૃંદ,

તપતા તપ વળી તે સ્થળે,
ખપતા દુરિતનો કંદ— સિદ્ધગિરિ. ૧
મમતા મોહી જે પ્રાણિઆ,
સમતા ધર જિંહા થાય,
રમતા નિજ ઘર ધ્યાનમાં,
દમતા ક્રોધ કષાય— સિદ્ધગિરિ. ૨
વમતા મિથ્યાત્વ વિષને,
ભમતા ભવથી મુકાય,
નમતા સહુ જન તેહને,
ગમતા મુક્તિને થાય,— સિદ્ધગિરિ. ૩
જીવ અનંત ઇંહા થયા,
સિદ્ધ નિરંજન રૂપ,
ભાવિ અનંત વળી સિજઝશે,
લહેશે આત્મ સ્વરૂપ— સિદ્ધગિરિ. ૪
શત્રુંજયી નદિ ન્હાઇને,
પાવન કરી નિજ અંગ,
ઉત્તમ ભાવના ભાવતા,
રસીક ચઢયા ગિરિશ્રૃંગ— સિદ્ધગિરિ. ૫

દોહરા.

અંતિમ એ દિવસે કરી, યાત્રા મન ઉલ્લાસ,

ગિરિવર પરથી ઉતરી, આવ્યા નિજ આવાસ. ૧
છરી પાળતા લોકને, રજત વાટકી દીધ,
બીજી પણ ભેટો કરી, શાસન ઉન્નતિ કીધ. ૨
સુરત નિવાસી ઝવેરી જે, દયાચંદ સુત નામ,
વીરચંદભાઇ દીયે વળી, શ્રીફળ રૂપૈઓ તામ. ૩
એમ ષટરી પાલક તણી, ભક્તિ અને સન્માન,
આ સંઘવીએ બહુ કરી, દેશ કાળ અનુમાન. ૪
સ્વજન સગા ભેગા કરી, શીખ દઈ કર્યા વિદાય,
સંઘવી ચંદુલાલ તે, પગ રસ્તે થઈ જાય. ૫
ગામ ગામ ફરતા ક્રમે, દશ દિન વીત્યા બાદ,
ઠામ માઠ સાથે સહુ, આવ્યા અમદાવાદ. ૬
ફાગણ વદ છઠને દિને, પુરમાં કર્યો પ્રવેશ,
સ્નેહી સબંધી બહુ મળ્યા, આનંદ ભયો વિશેષ. ૭

ઢાળ ૧૭ મી.

શ્રી દર્શન પદ પામે પ્રાણિ—એ દેશી.

આજ નગરમાં આનંદનો દિન,
લોક ઉમંગી જણાયરે,
સિદ્ધાચળની યાત્રા કરીને,
સંઘવી પાછા આયરે,
જિન શાસન જગમાં જયકારી. ૧

ધન્ય તમે ધન્ય ભક્તિ તુમારી,
ધન્ય તુમારા દામરે,
ધન્ય માત ધન્ય તાત તમારા,
ધન્ય તમારા કામરે— જિન શાસન. ૨
ભિન્ન ભિન્ન જન વિવિધ વિચારે,
કરત પ્રસંશા ભારીરે,
દેહ મરે યશ દેહ ચિરંજીવ,
ત્રિભૂવન રહે વિસ્તારીરે— જિન શાસન. ૩
શાસન પ્રેમી સબંધી સગાઓ,
કરે સન્માન અપારરે,
જય જય ઘોષ કરી પહેરાવે,
સંઘવીને ફૂલ હારરે— જિન શાસન. ૪
માણેકચોક ઝવેરી બજારે,
મહાજન ભેગુ થાયરે,
પુષ્પ હાર તોરા અરપીને,
સાકર પાણી પાયરે— જિન શાસન. ૫
ભેટ સદાવ્રત તે સ્થળ કીધી,
સંઘપતિએ ઉદારરે,
આગળ ઓસવાલ કલબ આપે,
માનપત્ર શ્રીકારરે— જિન શાસન. ૬
આવી ક્રમે નિજ પોળમાં પેઠા,

મંધર જિન દરબારરે,
નમન સ્તવન કરી વિહુરમાનનુ,
ભાવના ભાવે સારરે— જિન શાસન. ૭
નાથ કૃપાનિધિ આપ પસાયે,
પૂર્ણ થઇ મન આશરે,
સંઘ સહીત યાત્રા કરી રંગે
આવ્યો નિજ આવાસરે— જિન શાસન. ૮
ચૈત્ય જુહારી ઘર ભણી આવ્યા,
સ્મરણ કરી નવકારરે,
રસીક પ્રવેશ કર્યો ઘરમાંહે,
જય જય નાદ ઉચ્ચારરે જિન શાસન. ૯

ઉપસંહાર ગીત.

રાગ ધન્યાશ્રી ચારો મંગળ ચાર—એ દેશી.

કાર્ય પૂરણ થયું આજ, ઉમંગભર કાર્ય પૂરણ
થયું આજ.

સિદ્ધાચળનો સંઘ ચલવવા,
હોંશ હતી મનમાંજ— ઉમંગભર. ૧
વિઘ્ન રહિત સુખ શાન્તિ સાથે,
આવ્યો સર્વ સમાજ— ઉમંગભર. ૨
ગામ ગામ કંઈ રીઝ પડીતે

સહાયક જનનો ઇલાજ— ઉમંગભર. ૩
એમ ખગ દીલથી રજુ કરતા,
કેશવલાલ અવાજ— ઉમંગભર. ૪
મુજ જનની બંધુએ કીધી,
તન મન અરપી સાજ-- ઉમંગભર. ૫
હઠીસંઘ ભાયચંદ તમોએ,
દીલમાં ધરી મુજ દાઝ— ઉમંગભર, ૬
મુનમ પૂનમચંદ પૂનમ ચંદ્ર સમ,
શાન્ત થઇ કર્યું કાજ— ઉમંગભર. ૭
સ્નેહી સબંધી સર્વ સગાએ,
રાખી અમારી લાજ— ઉમંગભર. ૮
આપ સર્વનો હું આભારી,
વાળી શકુ નહિ વ્યાજ— ઉમંગભર. ૯
ઉપકૃત જનને એમ વિસરજે,
રસીક સંઘપતિ રાજ— ઉમંગભર. ૧૦

કળશ.

એહ સંઘખ્યાન નિધાન શિવપુર રચ્યું ગુણિજન આગ્રહે ॥
સાધર્મી ભક્તિ સુસાધુ સેવા તીર્થયાત્રા રસ વહે ॥
સુકૃત કમાણી વાવરે તે પુણ્યને બહુ યશ લહે ॥
બંમદ નિધિ શશિ શુભ વરસે રસીક રસીક વચન કહે

ઇતિશ્રી સિદ્ધાચળ સંઘપ્રયાણ સમાપ્ત.

અથ શ્રી ગુંહળી પ્રારંભ.

શ્રી મુનિ આગમનની ગુંહળી.

સરસત સ્વામીને વિનવું—એ દેશી.

સફળ દિન આજનો જાણીએ,
સફળ થયા સહુ જે કાજરે;
ઓચ્છવ રંગ વધામણા,
ગુરૂજી પધાર્યા છે આજરે. ૧
ઘર ઘરે તોરણો બાંધીઆ,
મંડપ રચીઆ છે સારરે,
સંઘે સામૈયુ ભાવે કર્યું,
મળીઆ બહુ નર ને નારરે. ૨
મધુર વાજીંત્ર મંગાવીઆ,
સ્ત્રી ગાવે મંગળ ગીતરે,
જય જય ધ્વની કરી ચાલતા,
આનંદ વર્ત્તે છે ચિત્તરે. ૩
વિવિધ સામગ્રી સઘળી સજી,
હયગય લાવ્યા છે પૂરરે,
નોબત ગડગડી ગાજતી,
સુંદર શરણાઇ સૂરરે. ૪

નગરના ચોકમાં આવીઆ,
જોવાને મળીઆ છે લોકરે.
"અજબ આ ઠાઠને દેખતાં,
ઉપજે છે હર્ષનો થોકરે." ૫
અન્ય ધર્મી એમ બોલતાં,
સરળ સ્વભાવી છે જેહરે,
અનુક્રમે આવ્યા ઉપાશ્રયે,
રસીકને ગુરૂપર છે સ્નેહરે. ૬

શ્રી નવપદજી મહારાજની ગુંહળી.

પહેલે ભવે એક ગામનોરે—એ દેશી.

સુખદાયક સિદ્ધ ચક્રનેરે, ભજીએ ધરી ઉલ્લાસ,
અનુપમ મહિમા એહનોરે, ગાતાં સફળે આશરે.
સજની–ધરીએ નવપદ ધ્યાન,
તન મન કરી એક તાનરે. સજની–ધરીએ. ૧
પહેલે પદ અરિહંતજીરે, અજરામર નિકલંક,
અદ્ભૂત અતિશય સોહતારે, સમદૃષ્ટિ ભગવંતરે.
સજની–ધરીએ. ૨
બીજે સિદ્ધ ગુણી નમુ રે, સાદિ અનંત નિવાસ,
અષ્ટ કર્મ ટાળી થયારે, સ્વરૂપ રમણ સુવિલાસરે.
સજની–ધરીએ. ૩

આચરીઆ ત્રીજે પદેરે, ગુણ છત્રીસ નિધાન,
શુદ્ધ પ્રરૂપક શાસ્ત્રનારે, ચરણ કરણ સવધાનરે.
સજની–ધરીએ. ૪

પાઠક ચોથે જાણીએરે, વાદી શીર મણિ જેહ,
જ્ઞાન દાન દઈ મૂર્ખનેરે, પ્રજ્ઞ કરે સસનેહરે.
સજની–ધરીએ. ૫

પંચમ પદ મુનિરાજનેરે, પ્રેમે કરીએ પ્રણામ,
વિષમ કષાય નિવારીનેરે, રમતા આતમ રામરે.
સજની–ધરીએ. ૬

શુદ્ધ દેવ ગુરૂ ધર્મનુંરે, થાયે દૃઢ શ્રદ્ધાન,
મિથ્યા ભ્રમ દૂરે ટળેરે, તેહીજ સમકીત જાણરે.
સજની–ધરીએ, ૭

સદસદ્ વસ્તુ સ્વરૂપનેરે, દર્શાવે તેહ જ્ઞાન,
જ્ઞાનોદયથી આતમારે, નિર્મળ સ્ફટીક સમાનરે.
સજની–ધરીએ. ૮

ભવ સાયરથી ઉદ્ધરેરે, સંયમ પ્રવહણ તુલ્ય,
સુર નરપતિ સેવા કરેરે, તે ચારિત્ર અમુલ્યરે.
સજની–ધરીએ. ૯

કર્મ કાષ્ટને બાળવારે, અગ્નિ સમ તપ તેજ,
અચળ પ્રભાવ છે એહનારે, હીતકર અખુટ અવેજરે.
સજની–ધરીએ. ૧૦

આસો ચૈતર માસમાંરે, તન ધન શક્તિ પ્રમાણ,
આંબિલ તપ કરી ઉજવોરે, નવપદ રસીક સુજાણરે.
સજની–ધરીએ. ૧૧

શ્રી પર્યુષણ પર્વની ગુંહળી.

વીર કુંવરની વાતડી કેને કહીએ—એ દેશી.

આવ્યા પજ્જુસણ પર્વ આનંદકારી,
હાંરે મુનિ દેશના દે બહુ સારી,
હાંરે મોટે થોકે મળી નરનારી,
હાંરે સાંભળવા જાય. આવ્યા. ૧
સર્વ વિધે એહ પર્વને જે આરાધે,
હાંરે તેતો આતમ કારજ સાધે,
હાંરે વળી ઉત્તમ શિવ સુખ લાધે;
હાંરે એમાં નહી સંદેહ. આવ્યા. ૨
દયા સહીત જે ધર્મ જિનવર બોલે,
હાંરે નહી અન્ય ધરમ તસ તોલે,
હાંરે ભવિ પામ્યા અતિ પુન્ય મોલે,
હાંરે કરો શુભ ઉપયોગ. આવ્યા. ૩
દાન દયા તપ આદરો ભવિ પ્રાણી,
હાંરે તજો ક્રોધ ક્ષમા દિલ આણી,
હાંરે એહવી જિનરાજની વાણી,

હાંરે સમતા રસ પૂર. આવ્યા. ૪
કલ્પસૂત્ર વળી પારણું ઘર લાવો,
હાંરે મુક્તાફળે તેહ વધાવો,
હાંરે ભલી શુકલ ભાવના ભાવો,
હાંરે થઇને એકતાન. આવ્યા. ૫
છઠ્ઠ અઠ્ઠમ ઉપવાસથી દિલ દમીએ,
હાંરે સમતા સુંદરીશું રમીએ,
હાંરે સંસાર માંહે નવી ભમીએ,
હાંરે નાણી કહે એમ. આવ્યા. ૬
થાળ ભરી મુક્તાફળે કંચનનો,
હાંરે કરો સ્વસ્તિક ચોગતિ હરણો,
હાંરે મીટે તાપ 'રસીક' તનમનનો,
હાંરે વર્તે જયકાર. આવ્યા. ૭

શ્રી કલ્પસૂત્રની ગુંહળી.

ઓ ભવી પ્રાણીરે સેવો—એ દેશી.

સાંભળ સજનીરે મારી,
ધન્ય દિવસ ઘડી આજની સારી,
કલ્પસૂત્રનોરે દહાડો,
તપ જપ કિરીયામાં દિન કહાડો. સાભળ. ૧
ગુરૂની ભક્તિરે કીજે,

ભાવે વચન સુધારસ પીજે,
અનુપમ અવસરરે આવો,
ધન ખરચીને લેવો લહાવો. સાંભળ. ૨
કલ્પસૂત્રનેરે લાવી,
મનોહર સ્થાને તે પધરાવી,
પ્રેમે પૂજનરે કરીએ,
જેથી જન્મ મરણ દુઃખ હરીએ. સાંભળ. ૩
જેમ શશિ સૂરનેરે વૃષ્ટિ,
કરે જગજન પર કરૂણા દૃષ્ટિ,
તેહથી મહિમારે જેનો,
અનહદ છે ઉપગાર એહનો. સાંભળ. ૪
કલ્પ તરૂ સમરે આપે,
કનકાચળ પેરે દારિદ્ર કાપે,
ગંગ પ્રવાહનીરે સરખી,
વૃત્તિ ઉદાર એ સૂત્રની નિરખી. સાંભળ. ૫
લળી લળી પ્રણામોરે રંગે,
લઇ મુક્તાફળ અતિ ઉમંગે,
હરખે વધાવીરે ફરીએ,
રસીક સૂત્ર ગુણ નિત્ય સમરીએ. સાંભળ. ૬

શ્રી મહાવીર સ્વામીના નિશાળ ગયણાની ગુંહળી.

ગુલાબવાડી ચૌટા વચ્ચે રોપીરે–એ દેશી.

સાહેલી તું સાંભળ મારી વાતરે,
રજની વીતી ઉઠ થયું પરભાતરે,
વીર પ્રભુ નિશાળે ભણવા જાયરે,
જય જય મંગળ શબ્દો ત્યાં ઉચ્ચરાયરે. ૧
સામૈયું લઈ સિદ્ધારથ નૃપ ચાલેરે,
સ્વજન સંબંધી સાથે મનમાં મ્હાલેરે,
ઢોલ દદામા ભૂંગળ ભેરી વાજેરે,
દેવ દુંદુભિ અંબરમાંહી ગાજેરે. ૨
નોબત ડંકો સરણાઇના સૂરરે,
વિધ વિધ વાજીંત્રો બહુ આનંદ પૂરરે,
વાજાં બોલે જિનજીનો જયકારરે,
દીર્ઘાયુષી થાઓ પ્રાણાધારરે. ૩
હયગય પણ હર્ષારવ કરતાં ડોલેરે,
રથના પૈડા ઝણુનન ઝણુનન બોલેરે,
એવો ઉત્તમ સામૈયાનો ઠાઠરે,
તે જોવાને બહુ જન બેઠા હાટરે. ૪
તેથી ઝટપટ થાને તું તૈયારરે,
કરમાં કુમકુમ ને મુક્તાફળ હારરે,
તે સામગ્રી લઈને આપણ ચાલોરે,

પ્રભુને વધાવી કર્મ કાષ્ટને બાળોરે. ૫
બાળક મિત્રો બીજા પણ બહુ સાથરે,
જાય નિશાળે પાટી લઈને હાથરે,
અવધિજ્ઞાનથી ઇંદ્રે જાણ્યું એહરે,
કરે પરિક્ષા બ્રાહ્મણ રૂપે તેહરે. ૬
ત્રિજ્ઞાને પ્રભુ ઉત્તર સઘળા આપેરે,
ધન્યવાદ દઇ જગમાં કીર્તિ સ્થાપેરે,
પ્રભુના ગુણ દેખીને શિક્ષક રાચેરે,
રત્ન રાશિને **રસીક** વાણીથી યાચેરે. ૭

શ્રી સંવત્સરી ખામણાની ગુંહળી.

જાત્રા નવાણું કરીએ સલુણા—એ દેશી.

સુણ ભવિઆ એક વાતડીરે,
સંવત્સરી દિન આજ. ખમો સહુ જીવને. ૧
શુદ્ધ મને ખમતાં થકારે, લહીએ શિવપૂર રાજ. ખમો. ૨
ક્રોડ વરસ લગી તપ તપેરે, મનથી શલ્ય ન જાય. ખમો. ૩
રાગ દ્વેષ વિણ ત્યાગથીરે, અમરપણું નહી થાય. ખમો. ૪
નિર્મળ મન વચ કાયથીરે, શત્રુ મિત્ર સમ જાણ. ખમો. ૫
અઠ્ઠમ તપ અંતે કરીરે, ધરીએ દો શુભ ધ્યાન. ખમો. ૬
ચૈત્ય જુહારી ભાવથીરે, દો યાચકને દાન. ખમો. ૭
તન ધન યુક્તે વિસ્તરોરે, જીવદયા ગુણ ખાણ. ખમો. ૮

શક્તિ પ્રમાણે ઉજવીરે, રસીક આજના દિન. ખમો. ૯
ખમીએ અને ખમાવીએરે, થઇ ગુરૂ. ભકતે લીન. ખમો. ૧૦

શ્રી સમગ્ર મુનિમહારાજની ગુંહળી.

સંવત એક અઢલંતરેરે એ-દેશી.

સકળ મુનીશ્વરને નમુરે, શાસનના આધાર;
શુદ્ધ પ્રરૂપક શાસ્ત્રનારે, નિર્મળ ચારિત્ર ધાર;
હો સજની એવા ગુરૂને વંદીએરે,
પૂરવ પાપ નિકંદીએરે, પામીએ સુખ અપાર. ૧
આઠે પ્રવચન પાળતારે, રોધે ક્રોધ કષાય;
છ જીવની રક્ષા કરેરે, મુનિ કરૂણા દિલ લાય;
હો સજની એવા. ૨
બાહ્યાંતર તપ આદરેરે, આતમ અર્થે ઉદાર;
મધુકર પેરે ગૌચરી ગ્રહેરે, તૃષ્ના નહિ તલભાર;
હો સજની એવા. ૩
સત્તાવીસ ગુણે કરીરે, શોભે જે મુનિરાજ;
બાધ રહીત ક્રિયા કરેરે, તે જગજન શીરતાજ
હો સજની એવા. ૪
ગ્રામ નગર પુર વિચરેરે, દે ઉપદેશ રસાળ;
અમિરસની વૃષ્ટિ કરેરે, બુઝે ભવિ તત્કાળ;
હો સજની એવા. ૫

જિન આણા શીરપર ધરેરે, છાંડે વાદવિવાદ;
પરવાદિ પ્રતિબોધવારે, આગમ રાખે યાદ;
હો સજની એવા. ૬
એવા પરમ પુન્યવંતનીરે, ભક્તિ કરો નિશદિન;
રસીક અચળ પદ પામવારે, થઈએ મુનિગુણ લીન;
હો સજની એવા ૭

શ્રી ગૌતમ સ્વામીજીની ગુંહળી.

કાઉસગ ધ્યાને મુનિ રહેનેમી નામે—એ દેશી.

ધન્ય ધન્ય અવસર મ્હારે ગુરૂજી પધાર્યા,
સિધ્ધ્યા મન વાંછિત સર્વે કાજરે, હો શાણી સજની–
ગુરૂજી. ૧
સુરતરૂ ફળીઓ મ્હારે ગુરૂજી પધાર્યા,
સોનાના સૂરજ ઉગ્યા આજરે, હો શાણી સજની–
ગુરૂજી. ૨
સુરમણિ પ્રગટયો મ્હારે ગુરૂજી પધાર્યા,
મોતીડે વરસ્યો મેહુલો પુરરે, હો શાણી સજની–
ગુરૂજી. ૩
આનંદ હેલી મ્હારે ગુરૂજી પધાર્યા,
દળદર નાઠા સર્વે દૂર રે, હો શાણી સજની–
ગુરૂજી ૪

અમિરસ ધારા મ્હારે ગુરૂજી પધાર્યા,
સુરધેનુ પામી આનંદ દાયરે, હો શાણી સજની-
ગુરૂજી. ૫

હર્ષનું ટાણુ મ્હારે ગુરૂજી પધાર્યા,
તેહનું વર્ણન કયમ કરી થાયરે, હો શાણી સજની-
ગુરૂજી. ૬

અમૃત સરખી ગુરૂજી દેશના આપે,
સાંભળતા સંશય જાય તમામરે, હો શાણી સજની-
ગુરૂજી. ૭

સમતાના સાયર ગુરૂજી દેશના આપે,
ગુણનિધિ ગણધર ગોયમ સ્વામરે, હો શાણી સજની-
ગુરૂજી. ૮

ચાલો સાહેલી ગુરૂ ગુણ રસીક થઇને,
સાંભળવા વાણી ભાષે જેહરે, હો શાણી સજની-
ગુરૂજી. ૯

શ્રી ભદ્રબાહુ સ્વામીની ગુંહળી.

મારો માંડવડો ભરીએલો ગાજેરે—એ દેશી.

ધન્ય મુનીશ્વર ચારિત્ર ધારીરે,
જ્ઞાન દિવાકર તુજ બલિહારીરે.

ભદ્રબાહુ ગુરૂ મહા ઉપગારીરે.
શાન્ત વદન વાણી સુખકારીરે, ધન્ય. ૧
ચૌદ પૂર્વધર ગુણનિધિ ભજીએરે,
અન્ય કુતર્કી કુગુરૂને તજીએરે,
શ્રુત કેવળી કેવળી સમ જાણોરે,
જિન સમ તેહનું વચન પ્રમાણોરે; ધન્ય. ૨
નયર ભૂપ ભંભેરીને ભમતોરે,
વરાહમીર પાખંડે રમતોરે,
સત્યવાદિ ગુરૂ શાસન રસિઆરે,
વાદમાં જીતી આણંદે વસિઆરે, ધન્ય. ૩
જૈન ધર્મ જગમાં જસ વાધ્યોરે,
નરપતિએ પણ પંથ એ સાધ્યોરે,
મિથ્યાત્વ વાદિ થયું મુખ ઝાંખુંરે;
એવા પ્રભાવક મનમાંહી રાખુંરે. ધન્ય. ૪
ઉઠી પ્રભાતે હરખભર નમીએરે,
તો નિશ્ચય સંસાર ન ભમીએરે,
અંતર અનુભવ પામીને કીધુંરે,
રસીક મુનિ ગુણ અમૃત પીધુંરે. ધન્ય ૫.

શ્રી સ્થુલિભદ્રજીની ગુંહળી.

સુણો ચંદાજી શ્રીમંધર પરમાતમ પાસે જાજો—એ દેશી.

ધન્ય ધન્ય મુનિ, શ્રી સ્થુલિભદ્ર અધિક ગુણવાન વખાણીએ,

જસ ચારિત્રની, શોભા અપરંપાર જગતમાં જાણીએ,
એ પરમ પુરૂષને નિત્ય સમરીએ, જેથી નિજ આત્મ ઉદય
કરીએ, ભવ સાયરથી સ્હેજે તરીએ. ધન્ય. ૧
રહ્યા વર્ષ બાર ગુણિકા સંગે, વિધવિધ વિલાસ કરે રંગે,
જળમીન પરે રહે ઉમંગે. ધન્ય. ૨
દુનિઆમાં દુર્લભ જેહ ખરે, દ્રઢ સ્નેહી વામા ક્યમ વિસરે,
પણ અદ્ભુત કાર્ય એ મુનીશ કરે. ધન્ય. ૩
"મંત્રીપદ લ્યો" નૃપ હુકમ દીયે, થયું તાત મરણ એ કોણ
લીયે, મનમાં એમ સમજી તે મુનિયે ધન્ય. ૪
વૈશ્યા ત્યાગી વૈરાગ લીધો, દીન મદન રાજને જેર કીધો,
જગમાં યશનો ડંકો દીધો. ધન્ય. ૫
ચોમાસે ગણિકા ઘર વસીઆ, તે ષટરસ ભોજનના રસીઆ,
સંયમ શુદ્ધિથી નવ ખસીઆ. ધન્ય. ૬
વેશ્યાએ બહુ બહુ યુક્તિ કરી, કરે હાવભાવ અતિ પ્રેમભરી,
મુનિરાજ ચળ્યા નહિ તેથી જરી, ધન્ય. ૭
ઉલટા બેઠા દ્રઢ ધ્યાન ધરી, તવ તે ગણિકાની મતિ સુધરી,
થઈ રસીક શ્રાવિકા તેજ ખરી. ધન્ય. ૮



શ્રી સિદ્ધસેન દિવાકરની ગુંહળી.

વહાલા રહો વેગળારે—એ દેશી.

ધન્ય ધન્ય દિવસ ઘડી આજનીરે,

પધરામણી થઇ ગુરૂરાજનીરે,
એતો પરમ કૃપાળુ મુણિંદરે,
સાહેલી ચાલો ગુરૂ વંદીએરે, ૧.
સિદ્ધસેન સૂરી સૂર શોભતારે,
ભવિ પંકજ દર્શને લોભતારે.
એવો દેદિપ્યમાન દેદારરે, સાહેલી ચાલો. ૨
સંયમ હય પર સ્વારી કરેરે,
પ્રભુ આણા ચાબુક કર ધરેરે,
ભવ અટવી ઉલંઘન કાજરે. સાહેલી ચાલો. ૩
નૃપ વિક્રમને પ્રતિબોધીયોરે,
"જૈનેત્તર" પંથથી રોધીયોરે.
થયો પરમ શ્રાવક ગુણવંતરે. સાહેલી ચાલો. ૪
પરવાદી બ્રાહ્મણ આવીયારે,
સિદ્ધસેન ગુરૂએ હરાવીઆરે,
એ તો ષટ દર્શનના જાણરે. સાહેલી ચાલો. ૫
તવ કલ્યાણ સ્તોત્ર મુદા ભણેરે,
વિતરાગનો જાપ રૂડો ગણેરે,
ત્યાંતો પ્રગટયા એવંતી પાસરે. સાહેલી ચાલો. ૬
એવા ધર્મ પ્રભાવક વંદીએરે,
જેથી ભવોભવ પાપ નિકંદીએરે,
વળી પામીએ રસીક સુઠામરે. સાહેલી ચાલો. ૭

શ્રી હરિભદ્ર સૂરિજીની ગુંહળી.

જનક સૂતા હું નામ ધરાવું—એ દેશી,

ઉઠી પ્રભાતે દેવ સ્તવન કરી, શુકલ ધ્યાન મન ધરીએ,
શ્રી પ્રભુ ચરણે શીશ નમાવી, ગુરૂ સનમુખ વિચરીએ—
હો સજની, એ ગુરૂને નિત્ય નમીએ, ૪
જિનઆણા ધારી ગુરૂ સમ નહિ, અવચર કોઇ ઉપગારી,
શુદ્ધ દેવને ધર્મ તત્વની, ઓળખ આપે સારી,
હો સજની, એ ગુરૂને નિત્ય. ૨
સંયમ રાગી મુનિ વડભાગી, બાહ્યાંતર તપ ધારે,
આતમ અર્થે દેહને પોષે, વિકથા દુર નિવારે.
હો સજની એ ગુરૂને. ૩
અવર જીવ ઉદ્ધારણ કારણ, બોધ અનુપમ આપે,
દુરગતિ પડતા દીન પ્રાણીને, શિવપુર સન્મુખ સ્થાપે,
હો સજની, એ ગુરૂને. ૪
શ્રી હરિભદ્ર સૂરિ ગુણવંતા, વિદ્યા વિનય નિધાન,
સાધવી પઠન વચન સાંભળતા, નષ્ટ થયો અભિમાન,
હો સજની, એ ગુરૂને. ૫
એક સહસ્ત્ર શતચાર ચુંવાલીસ, મનોહર ગ્રંથ બનાવ્યા,
બાળ જીવ સદ્બોધક દાયક, વિવિધ તત્વ દર્શાવ્યા,
હોસજની, એગુરૂ. ૬
એહવા પરમ ગુરૂના ગુણગાતા, જ્ઞાન ક્રિયા ભવિ પાવે,

રસીક રત્ન એ જે જન પામે, તે અજરામર થાવે,
હો સજની, એ ગુરૂ. ૭

શ્રી હેમચંદ્રાચાર્યજીની ગુંહળી.

વારી પ્રભુ દશમા શીતળનાથ કે સુણો એક વિનતિરે લોલ—એ દેશી.

સખી સુણ ગુરૂજી પધાર્યા આજ દિવસ રળીઆમણોરે લોલ,
" " સિધ્યા સઘળા કાજ સફળ ભવ આપણોરે લોલ;
" " વહેલી ઉઠ આપણ બેઉ જઈએ વંદવારે લોલ,
" " ગુરૂજી સન્મુખ જન સહુ જાય આનંદમાંરે લોલ,
" " ગુરૂનું નામ છે ઉત્તમ હેમસૂરિ યથારે લોલ.
" " ગુણ ગણ જાસ અનોપમ સુર ગણે તથારે લોલ,
" " પાર ન પામે રસના ક્રોડ કદી કરેરે લોલ;
" " ગાવે ગુણ ગુરૂ યશના તે ભવોદધિ તરેરે લોલ. ૨
" " રાજ કુમાર ભૂપાળ પ્રબોધીને કર્યોરે લોલ,
" " જીવદયા પ્રતિપાલ જગતથી ઉદ્ધર્યોરે લોલ,
" " જાશે તે શિવઘર ગણધર પદવી લહીરે લોલ,
" " એહવા ઉત્તમ ગુરૂવર મન આણી સહીરે લોલ,
" " પ્રહમા સ્મરણ કરે દુ:ખ સહુ દુરે ટળેરે લોલ.
" " હેડે ધ્યાન ધરે શિવપુર સ્હેજે મળેરે લોલ,
" " અદ્‌ભુત ગુરૂ સુપસાય દીપક સમ જાણીએરે લોલ,
" " મિથ્યાત્તમ દુર થાય સુગુરૂની વાણીએરે લોલ. ૪

" " પંચ મહાવૃત પાળે અતિ ઉલ્લાસથીરે લોલ,
" " સુમતિ સ્ત્રીશું મ્હાલે કુમતિ પાસથીરે લોલ,
" " મુક્ત થયા વળી થાશે તે સુખ પામશેરે લોલ,
" " ગુરૂ ગુણ રસીક પ્રકાશે સુર શીર નામશેરે લોલ. ૫

શ્રી આનંદ વિમળસૂરિની ગુંહળી.

પુજાશ્રી અરિહંતની—એ દેશી.

આજ સફળ દિન માહરો
ધન્ય ઘડી સુખકાર સજની;
ગુરૂ આણંદ વિમળ તણી,
કરીએ ગુંહળી ઉદાર સજની;
એહ મુનીશ્વર વંદીએ. ૧
ઉત્કૃષ્ટી તપસ્યા કરે,
વિચરે દેશ વિદેશ સજની;
ધ્યાન ધરે જિનરાજનું,
ધરે મમત્વ ન લેશ સજની. એહ. ૨
ઢુંઢક ઘર ગોચરી ગયા,
દ્વેષીએ દીધ આહાર સજની.
તુચ્છ વસ્તુ અશક્ય જે,
ખાવી કેમ અસાર સજની. એહ. ૩

આરોગી બહુ ભાવથી,
પાપી પામ્યો બોધ સજની;
જિન પ્રતિમા પૂજક બન્યો,
કરતો ગુરૂ ગુણ શોધ સજની. એહ. ૪
સિદ્ધાચળ ઉપર કર્યો,
કરમાશાએ ઉદ્ધાર સજની;
તે પણ તસ ઉપદેશથી,
એ ગુરૂ 'રસીક' આધાર સજની. એહ. ૫

શ્રી હીરવિજયસૂરિની ગુંહળી.

સજનો મ્હારી પાર જિનેશ્વરપૂજોરે—એ દેશી.

બહેની મારી, હીર વિજય સૂરી રાયારે,
" " આજ નગરમાં આવ્યારે,
" " પાવન થયું પુર આજેરે;
" " કૃપા કરી ગુરૂ રાજેરે. ૧
" " એ ગુરૂ સમતા ધારીરે,
" " વચન સુધારસ ક્યારીરે;
" " વરસે મેહ સમાણીરે,
" " દેશના અમૃત પાણીરે. ૨
" " પંચાચારને પાળેરે,
" " કુમતિ કદાગ્રહ ટાળેરે;

" " એવા પરમ પવિત્રરે,
" " ભવોદધિ તારક મિત્રરે. ૩
" " અકબરશાહ સુલતાનરે,
" " મ્લેચ્છ ભૂપતિ અજ્ઞાનરે;
" " બોધ દઇને સુધાર્યોરે,
" " હિંસા કરતો વાર્યોરે. ૪
" " દેવ ગુરૂ ઓલખાવીરે,
" " ધર્મ શુદ્ધ બતલાવીરે;
" " શાસન શોભા વધારીરે,
" " તે ગુરૂ મહા ઉપગારીરે. ૫
" " સર્વ સાહેલી સાથરે,
" " હેમ થાળ લઇ હાથરે,
" " મુક્તાફળ ભરી લાવોરે,
" " હરખે ગુરૂને વધાવોરે. ૬
" " કરજોડી રહો સામીરે,
" " ગુરૂ ચરણે શીર નામીરે;
" " તો વરશું શિવરાણીરે,
" " એહવી રસીક જીન વાણીરે. ૭

શ્રી વિનય વિજયજી ઉપાધ્યાયજીની ગુંહળી

નણુદલ લહેરીઉરે—એ દેશી.

ગુરૂજી સાંભળોરે,
હાંરે હું કરજોડી કહું વાતરે;
સાહિબ દયાનિધિરે,
હાંરે તુમે નિષ્કારણ જગભ્રાતરે. ગુરૂજી. ૧
મુજ ઉલ્લટ ઘણીરે,
હાંરે મારે હર્ષ તણો નહિ પારરે,
સુરતરૂ ઘરે ફળ્યોરે,
હાંરે થયું પાવન મારૂં દ્વારરે. ગુરૂજી. ૨
ગુરૂ તુજ ગુણ ઘણારે,
હાંરે સુર ગણતાં ન લહે અંતરે;
હું કેમ કહી શકું રે
હાંરે તુજ ગુણ ગણનો વિરતંતરે. ગુરૂજી. ૩
તુજ સમ નહિ મળેરે,
હાંરે ઉપગારી જગમાં કોયરે;
જિન પતિએ કહ્યોરે,
હાંરે મને પંથ બતાવો સોયરે. ગુરૂજી, ૪
ભાવે હું ભજુરે,
હાંરે નિશદિન પ્રણમુ તુજ પાયરે;
તો વાંછિત ફળેરે,
હાંરે નિત્ય રસીક ગુરૂ ગુણ ગાયરે. ગુરૂજી. ૫

શ્રી યશોવિજયજી ઉપાધ્યાયજીની ગુંહળી.

બાપલડારે પાતીકડાં તમે શું કરશો હવે રહીનેરે—એ દેશી.

જ્ઞાનદિવાકર ગુરૂ ગુણવંતા, વાચક જસ વિખ્યાતરે,
શાસન સહાયક નાયક મુનિવર, ખટ દર્શનના જ્ઞાતારે. જ્ઞાન. ૧
પરમત વાદિ ગજશીર હરિસમ, ન્યાય સુધારસ ભોગીરે,
અબુધ શિષ્ય નવ પલ્લવ કરતા, વૈદ્ય થકી જેમ રોગીરે. જ્ઞાન. ૨
પુષ્ય મેહ વચનામૃત વરસે, સીંચે જનમન ક્યારીરે,
ભવસાયરથી ડુબતા તારે, એ ગુરૂની બલિહારીરે. જ્ઞાન. ૩
પચવિંશતિ ગુણ પાઠક પદના, અદ્‌ભુત અતિશય વૃંદરે,
શિષ્ય સમુહમાં અધિકા સોહે, જ્યમ તારામાં ચંદરે. જ્ઞાન. ૪
જિનમત દ્વેષી બ્રાહ્મણ આવ્યા, કરવા વાદ વિવાદરે,
સ્યાદ્વાદ રસપુર સાગર ગુરૂએ, ઉતાર્યો તસ નાદરે. જ્ઞાન. ૫
એહવા પરમ પવિત્ર પુન્યશાળી, અનુપમ ચારિત્ર ધરતારે,
આજ નગરમાં આવ્યા પોતે, પૃથ્વિતળ વિચરતારે. જ્ઞાન. ૬
ધન્ય દિવસ ઘડી આજ અમારે, કનક તણો રવિ ઉગ્યોરે,
વરસ્યો મેહ અમિરસ ધારે, સર્વ મનોરથ પુગ્યોરે. જ્ઞાન. ૭
એમ ઉચરતી સર્વ સાહેલી, ગજ ગતિએ તિહાં આવેરે,
હેમ થાળમાં મુક્તાફળ ભરી, કર સંપુટ ગ્રહી લાવેરે. જ્ઞાન. ૮
ભક્તિભાવથી ગુંહળી કરતી, હરખે ગુરૂને વધાવેરે,
પળપળ સ્મરણ કરી એક તાને, રસીક રસીક ગુણ ગાવેરે. જ્ઞાન. ૯

શ્રી પદ્મવિજયજી મહારાજની ગુંહળી.

વીરમને તારો મહાવીર મને તારો—એ દેશી.

સંયમ રસિઆ મુનિ વડભાગી,
બાળપણે દિક્ષા ગ્રહીરે;
મામા ગુરૂ શ્રી ઉત્તમ વિજયે,
યોગ્ય જાણી દીધી સહીરે, સંયમ. ૧
બાર વરસ વય ચારિત્ર લીધું,
શાસ્ત્ર સિદ્ધાન્ત ભણે ઘણાએ,
ધ્યાન ક્રિયા તપ જપ શુદ્ધ ધારે,
મહા ગુણવંત નહિ મણાએ. સંયમ. ૨
પદ્મ વિજય દ્રહ પદ્મ સરીખા,
ભારતિ વાસ વસે સદાએ;
ગ્રામ નગર વિચરે ઉપગારી,
ગ્રંથ નવિન ગુંથે તદાએ. સંચરી. ૩
માત ભગિનીએ બોધ દઇને,
તત્વ બતાવ્યા ધર્મનાએ;
જેહથી મન વૈરાગમાં ભીનો,
પાસ તુટ્યા કાંઇ કર્મનાએ, સંયમ. ૪
વિવિધ રાસ ભવિજન ઉપગારે,
પરમ ગુરૂ પ્રેમે રચેએ;
રસીક તે સુણતાં ભવ ભય નાસે,
પાપારંભથી પણ બચેએ. સંયમ. ૫

શ્રી રૂપવિજયજી મહારાજની ગુંહળી.

મોહનજીએ મોકલ્યું રે મોસાળું—એ દેશી.

વ્હાલા ગુરૂરાજ સદ્ગુણ દરિઆ,
સમતા અમૃત રસ ભરીઆ. વહાલા.
સંયમ રમણિના રાગી, તે મહા મુનિવર વડભાગી,
ક્રૂર કુમતિને દુર ત્યાગી. વ્હાલા. ૧
જ્યાં હૃદયમાં શુભમતિ જાગી, ચારિત્રની વીણા વાગી,
ગુરૂ પાસે પ્રેમથી માગી. વ્હાલા. ૨
ગુરૂ આપે દિક્ષા રંગે, વળી આગમ બોધ ઉમંગે,
મુનિ ગ્રહણ કરે ઉછરંગે. વ્હાલા. ૩
નિજ કૂળ સુપુત્ર દિપાવે, તેમ તે ગુરૂ નામ શોભાવે,
કરે શાસન ઉન્નતિ ભાવે. વ્હાલા. ૪
છે રૂપ વિજય જસ નામ, વદે વાણિ અતિ અભિરામ,
ઉપદીશે અવર હીતકામ. વ્હાલા. ૫
સખિ ધન્ય દિવસ ઘડીઆજે, ગિત મંગળ વાજા વાજે,
બહુ ઠાઠ નગરમાં બિરાજે. વ્હાલા. ૬
રૂડો લાવ કનકનો થાળો, ભર મૌક્તિક પુંજ રૂપાળો,
ગુરૂ રસીક વધાવવા ચાલો. વ્હાલા. ૭



શ્રી વીરવિજયજી મહારાજની ગુંહળી.

સાંભળરે તું સજની મારી—એ દેશી.

વીરવિજય ગુરૂ વંદન કરીએ, જે જગમાં વિખ્યાતજી,
આગમ અનુભવ પામી પોતે, ષટ દર્શનના જ્ઞાત,
ગુરૂને સ્મરીએજી.
નિષ્કારણ જગ ભ્રાત–ચિતમાં ધરીએજી, ૧
કંઇક પ્રબળ મિથ્યાત્વી જનને, આપી બોધ રસાળજી,
જિન આણા રસ ભોગી બનાવ્યા, જીવદયા પ્રતિપાળ.
ગુરૂને. ૨
રાજનગરમાં પ્રતિમા દ્વેષી, ઢુંઢક વાદે આવેજી;
ગાડાં ભરી ભરી ગ્રંથો લાવે, મુનિ યુક્તિથી હરાવે.
ગુરૂને. ૩
પ્રભુ પૂજનનો યશ વીસ્તાર્યો, દ્રોહી થયા મુખ શ્યામજી;
છાના છપરા મુંગે મોંઢે, ત્યાંથી નાઠા તમામ. ગુરૂને. ૪
એહવા મુનીશ્વરની બલિહારી, શાસનના આધારજી,
જ્ઞાન ધ્યાન ક્રિયા સાધંતા, રસીક વરે શિવનાર. ગુરૂને. ૫

શ્રી આત્મારામજી મહારાજની ગુંહળી.

ઉત્તમ ફળ પુજા કીજે—એ દેશી.

કે ઉત્તમ આજ દિવસ માહરો,
કે સફળ થયો મુજ જન્મારો;

કે ગુરૂનો યોગ બન્યો સારોરે એ ગુરૂજ્ઞાન તણા દરીઆ,
કે સમતાદિક ગુણથી ભરીઆરે. એ ગુરૂ. ૧
કે વિરતિ વનિતાના સ્વામી,- કે રત્નત્રયિ રૂડી પામી,
કે પરમપવિત્ર તે જીત કામીરે. એ ગુરૂ. ૨
કે દોષરહિત દિક્ષા પાળે, કે સત્તાવીસ ગુણુમાં મ્હાલે,
કે તપ કરી કર્મ મેલ ટાળેરે. એ ગુરૂ. ૩
કે સહસ અઢાર શીલાંગ રથે, કે બેઠા મુનિ ઉપદેશ કથે,
કે ભવિ જીવ ઉદ્ધરવાને મથેરે. એ ગુરૂ. ૪
કે અતિશય દુઃખ સહ્યા જેણે, કે પણ ધર્મોન્નતિ કરી તેણે,
કે એવા ગુરૂ નીરખ્યા નયણેરે. એ ગુરૂ. ૫
કે શ્વેતાંબર તપગચ્છમાંહી, કે આવ્યા મુનીશ્વર હરખાઇ,
કે ત્યાગી ઢુંઢક ધૂર્ત્તાઇરે. એ ગુરૂ. ૬
કે જિનપુજન જશ ગવરાવ્યો, કે વિજય વાવટો ફરકાવ્યો;
કે ન્યાયાંભોનિધિ પદપાયો. એ ગુરૂ. ૭
કે શ્રીમદ્ વિજયાનંદ સૂરી, કે એવા ગુરૂ ગુણગણ ભૂરી,
કે રંસીક નિકટ રહે કરજોરી. એ ગુરૂ. ૮

શ્રી નીતિવિજયજી મહારાજની ગુંહળી.

શહેરનો સુબો ક્યારે આવશેરે—એ દેશી.

ધન્ય દિવસ ઘડી આજનીરે,
સાંભળ તું મુજ વાતરે સાહેલી;

નીતિ વિજય ગુરૂ વંદીએરે,
મુનિવર જે વિખ્યાતરે સાહેલી. નીતિવિજય. ૧.
શીષ્ય સમુહ સાથે લઇરે,
આવ્યા નગરમાં જેહરે સાહેલી;
સામૈયું સંઘે કર્યુંરે,
ચાલ તું જોવા તેહરે સાહેલી. નીતિવિજય. ૨
ભવિજનને પ્રતિબોધવારે,
આપે ભલો ઉપદેશરે સાહેલી;
બાળ જીવોને રીઝવેરે;
ત્યાગી પ્રમાદ પ્રવેશરે સાહેલી. નીતિવિજય. ૩
ગુરૂ ભક્તિ કરતા થકાંરે,
પ્રગટે આનંદ પૂરરે સાહેલી;
જ્ઞાન ક્રિયા સહેજે મળેરે,
વિકસીત થાયે ઉરરે સાહેલી, નીતિવિજય. ૪
હરખે ગુરૂને વધાવીએરે,
લઇ મુક્તાફળ હાથરે સાહેલી;
જેથી 'રસીક' સુખ પામીએરે,
વળી શિવપૂરનો સાથરે સાહેલી. નીતિવિજય. ૫

શ્રી સિદ્ધિવિજયજી મહારાજની ગુંહળી.

શ્રી દર્શન પદ પામે પ્રાણી—એ દેશી.

સાંભળ વાત સખી એક મારી,
જેથી આનંદ થાયરે,
ગુરૂ ગુણુ દરિઆ આજ પધાર્યા;
નમતાં પાતીક જાયરે,
એ ઉપગારી મુનીશ્વર ભજીએ. ૧
સિદ્ધિવિજય સમતાના સાયર.
ષટ કાયક પ્રતિપાળરે;
શુદ્ધપણે ચારિત્રને ધરતા,
છાંડી અવર જંજાળરે. એ ઉપગારી. ૨
દેશ વિદેશ વિચરતા હોંશે,
દે ભવિજનને બોધરે;
જિન વાણી અમૃત રસ ખાણી,
વરસાવે જળ ધોધરે. એ ઉપગારી. ૩
શ્રવણેંદ્રિ પાવન હોય જેહથી,
તે સુણવા તું ચાલરે;
આ અવસર ફરી ફરી નહિ આવે,
જઇએ આપણુ હાલરે. એ ઉપગારી. ૪
ધન્ય દિવસ ઘડી આજ સફળ મુજ;
પુજ્યા શ્રી ગુરૂ રાયરે;

ઈરસીક મૌક્તિક ગુરૂની કરતા,
મ[illegible] એ ઉપગારી. ૫

શ્રી નેમવિજયજી મહારાજની ગુંહળી.

મન મંદીર આવોરે કહું [illegible] વાતલડી—એ દેશી.

સુણ [illegible] સજનીરે, કહું [illegible] વાત તને;
ઉઠ વીતી રજનીરે, [illegible] ખબર મને,
આજ નગરમાં આવ્યારે, ગુરૂ ગુણના દરીઆ;
બહુ શિષ્યને લાવ્યારે, સુધા સમરસ ભરિઆ. ૧
[illegible] ટાણુંરે, કથા [illegible] નોય કહી;
થયું મનહર વહાણુંરે, તું ઝટપટ ચાલ સહી,
સુરતરૂ અહિં ફળીઓરે, [illegible] એમ જાણ ખરે;
અવસર નથી મળીઆરે, [illegible] આજ પરે. ૨
[illegible] વરસેરે, કુસુમની [illegible];
ભવિ ચાતક હરખેરે, [illegible] મિથ્યાત્વ દળી;
ઉપદેશ રસાળોરે, છટા [illegible],
ગમત ગુણવાળીરે, [illegible] સહિત [illegible]. ૩
[illegible] અધિપતિનેરે, [illegible];
બીજા શુભ [illegible], કહું [illegible] માર્ગ ધરો;
વળતી સખી બોલીરે, તું [illegible] મને,

સાંભળ એ ભોળીરે, જણાવું નામ તને. ૪
સૂરિ નેમવિજયજીરે, કે શાસનના રસીઆ;
મુનિદ્રોહી ભયથીરે, જરાએ નવ ખસીઆ;
લઇ મુક્તાફળનોરે, કનક થાળો કરમાં;
ગુરૂ બુધ્ધિબળનોરે, વિચાર ધરી ઉરમાં. ૫
ગજગતિએ આવેરે, સાહેલી સર્વ મળી;
ઉમંગે વધાવેરે, નમાવે શીશ લળી;
મનમાં બહુ રાચેરે, દિવસ ધન્ય આજ તણો;
ગુરૂ ભક્તે નાચેરે, રસીક જન હર્ષ ઘણો.

શ્રી આણંદસાગરજી મહારાજની ગુંહળી.

કીજે મંગળ ચાર આજ ઘેર પ્રભુજી પધાર્યા—એ દેશી.

ધન્ય દિવસ ઘડી આજ, સખી ગુરૂજી પધાર્યા,
થાય સફળ સહુ કાજ, સખી ગુરૂજી પધાર્યા.
આણંદસાગર ગુણ આગરૂ, [illegible]
શાન્ત મુદ્રા મુનિરાજ, [illegible] સખી [illegible]
સંયમ શુદ્ધ [illegible] ગુણ [illegible], [illegible]
વૈરાગી શ્રી મહારાજ, [illegible] સખી [illegible]
ભવિજન મન ઉલ્લાસ [illegible] માટે, [illegible]
દિલમાં [illegible] [illegible] સખી [illegible]

જિન વચનામૃત જ્યાં વરસાવે,
ભવિ કજ વિકસે ત્યાંજ. સખી. ૪
મૃગપતિ માફક નિર્ભય વિચરે,
શાસન ઉન્નતિ કાજ. સખી. ૫
એ ઉપગારી મુનિ અહીં આવ્યા,
વાંદીએ આજને આજ. સખી. ૬
એવા રસીક મુનિરાજને નમીએ,
તારણતરણ જહાજ. સખી. ૭

શ્રી હંસવિજયજી મહારાજની ગુંહળી.

એક દિન પીંજર લેય બેઠી સા ગોખડે મારા લાલ—એ દેશી.

રાજનગરમાં આજ દિવસ રળીઆમણો મારા લાલ,
પ્રગટયો દિનકર કનક તણો સોહામણો મારા લાલ;
હંસવિજય ગુરૂરાજ પધાર્યા પૂર પ્રતિ મારા લાલ,
શાન્ત શશિ ગુણ દાન્ત દીસે નિર્મળ મતિ મારા લાલ. ૧
ચાલ સાહેલી આજ એવા ગુરૂ વંદીએ મારા લાલ,
ભવ ભ્રમણા દૂર થાય સદા સુખ નંદીએ મારા લાલ;
ઉત્તમ માલતિ પુષ્પ સમાગુણ જેહના મારા લાલ,
તજી એવા ગુરૂરાજ ભજે અન્ય દુર્જના મારા લાલ. ૨
દે ઉપદેશ રસાળ ભવિક પ્રતિ બોધવા મારા લાલ,

મિથ્યાત્વિ મન શુદ્ધ કરણુ જળ ધોધવા મારા લાલ;
ગુણુગણુનાં નહિ પાર પામે સુર નરપતિ મારા લાલ,
ધન્ય ધન્ય તે નરનાર નમે એહુવા યતિ મારા લાલ. ૩
લઈ હાટકનો થાળ ભરી મુક્તાફળે મારા લાલ,
ઘોળી કુમકુમ હાથ આવે ગુરૂ આગળે મારા લાલ;
હરખે વધાવે મુનીશ સહીઅર સરખી મળી મારા લાલ,
પ્રણમે ગુરૂના પાય તે તો સહુ લળી લળી મારા લાલ. ૪
ગુરૂ ભક્તિ ઉજમાળ કરે જે જન સહી મારા લાલ,
પામે ભવોદધિ પાર એમાં સંશય નહી મારા લાલ;
ગુરૂ આણા જિનઆણુ બરાબર માનજો મારા લાલ,
એમ કહે જગનાથ રસીક જન જાણુજો મારા લાલ. ૫

શ્રીરામવિજયજી મહારાજની ગુંહળી.

લાલ ગુલાબ આંગી બનીરે-એ દેશી.

આજ મહોદય આપણોરે,
પ્રગટયા પુણ્ય અંકુરા લાલ,
ગુણવંતા ગુરૂ આવીઆરે.
સંયમ ધારી એ શુરા લાલ,
શાસન ભકત તે સાહબોરે.
દ્રોહી નયનમાં ખુંચે લાલ.

શાસન પ્રેમીને સુરતરૂરે,
દેશના અમૃત રૂચે લ.લ. શાસન. ૨
લોક ઘણા જિંહા આવતારે,
વાણી શ્રવણને કાજે લાલ,
નરસમુદ્રની ઉપમારે,
તે સ્થળ આનંદે ગાજે લાલ. શાસન. ૩
બાળ જીવો બહુ રીઝતારે,
ગુરૂ ઉપદેશ પ્રભાવે લાલ,
પથ્થર પણ કોમળ બનેરે,
કોમળ કરમ ખપાવે લાલ. શાસન. ૪
લઘુવયે ચારિત્ર આદર્યુંરે,
પાળે અતિ ઉછરંગે લાલ,
જ્ઞાન વિલાસી તે નિત્ય કરેરે,
ક્રિયા શુદ્ધ ઉમંગે લાલ. શાસન. ૫
શ્રી જિન શાસન ગૃહ તણોરે,
રામવિજય ગુરૂ દીવો લાલ,
મિથ્યા તમને દબાવવારે,
રસીક કહે ચીરંજીવો લાલ. શાસન. ૬

શ્રી રામવિજયજી મહારાજની ગહુંલી.

અજિત જિણંદશું પ્રીતડી—એ દેશી.

લાખ ટકાના મૂલ્યની,
સખી જાયેરે ક્ષણ ચતુરસુજાણ;
રામવિજય ગુરૂ રાજની,
રૂડી દેશનારે અમૃત રસ ખાણ. લાખ. ૧
સાંભળવા મન ઉલ્લસ્યુ,
જિન વાણીરે ભાષે ગુરૂરાજ;
નરભવ પણ સફળો હુવે,
પરભવનારે સુધરે સહુ કાજ. લાખ. ૨
દેશના મીઠી અતિ ઘણી,
રસ શેલડીરે સાકર ખરબાદ;
મધુર ધ્વની શ્રવણે પડે,
બહુ ઉપજેરે મનમાં આલ્હાદ. લાખ. ૩
ગુરૂ દીવો શ્રુત જ્ઞાનનો,
જબ પ્રગટેરે તબ હોય પ્રકાશ;
મિથ્યા તિમિર દૂરે ટળે,
ભવિજનનેરે હોય સમકીત વાસ. લાખ. ૪
વાંસળી સ્વર સુણી હરીણીઆ,
તેમ શ્રોતારે તિહાં આવી ભરાય;

એવી રસીક ગુરૂ દેશના,
જસ રૂચેરે તસ પાતિક જાય. લાખ. ૫

શ્રી ધર્મવિજયજી મહારાજની ગુંહળી.

વ્રત સાતમે વિરતી આદરૂંરે લોલ. એ દેશી.

બહેની ધર્મવિજય ગુરૂ વંદીએરે લોલ,
જે આપે ધરમ ઉપદેશજો;
રૂડુ ચારિત્ર પાળે પ્રેમથીરે લોલ,
ગામ ગામે વિચરતા હમેશજો. બહેની. ૧
જપે જાપ જિનેશ્વરનો સદારે લોલ,
તપે શક્તિ તણે અનુસારજો.
નિત્ય ક્રિયા કરે શુદ્ધ ભાવથીરે લોલ,
ધરે હર્ષે ઉત્તમ આચારજો બહેની. ૨
શુભ ધ્યાને તલ્લાલિન તે રહેરે લોલ,
રમે શાન્તિ રમાની સાથજો;
શિવ નારિશું દ્રષ્ટિ મેળવીરે લોલ,
તેમ ઉલટ ગ્રહવા હાથજો. બહેની. ૩
સખી એવા મુનીશ્વર આવીઆરે લોલ,
મારા મનમાં આણંદની લહેરજો;
આજે પુન્ય ઉદય થયો જાણીએરે લોલ,

થયું પાવન આપણું શહેરજો. બહેની. ૪
ચાલો જઇએ આપણ સઘળા મળીરે લોલ,
ગુરૂજીને વધાવવા કાજજો;
ભવ ભ્રમણા ટળે મુક્તિ મળેરે લોલ,
એવા ભજીએ રસીક ગુરૂરાજજો. બહેની. ૫

શ્રી સુખસાગરજી મહારાજની ગુંહળી.

હાંરે મારે ઠામ ધરમના સાડા પચવીસ દેશજો—એ દેશી.

હાંરે સખી નગરીમાં આવ્યા છે ગુરૂ ગુણવંતજો,
ભાવ ધરીને ચાલો જઈએ વંદવારે લો;
હાંરે તે તો રત્નત્રયિ આરાધક સદ્‌ગુણી સંતજો,
જસ મુખ જોતાં દિન જાએ આનંદમાંરે લો. ૧
હાંરે વચનામૃત જેહનું પુષ નક્ષત્રનો મેહજો,
સીંચેરે ભવિજન મન લાયક ભુમિકારે લો;
હાંરે કરે પ્રફુલીત વિકસીત કમળતણી પેરે તેહજો;
ટાળેરે અજ્ઞાન તિમિર રવિ ઉગતાંરે લો, ૨
હાંરે જસ નામ પ્રમાણે ગુણગણનો નહિ પારજો,
સુખસાગર ગુરૂ સમતાનો નિધિ હું કહુંરે લો;
હાંરે વળી પંચ મહાવૃત પાળે શુદ્ધાચારજો,
જોતાં મુખ દેદાર ભવિક ઉલસે બહુરે લો. ૩

હાંરે મુજ મનમાં વસિયા ઉત્તમ તેહ મુણિંદજો,
જૈન ધર્મ રૂપ નોકા ભવજળ તારણીરે લો.
હાંરે તે ચલવે સરળ પંથપર મહામુનિ ચંદજો,
મુક્તિપુરી પહોંચાડે ચોગતિ વારણીરે લો. ૪
હાંરે નિર્લોભી તે મધુકરી ગૌચરી લેનારજો,
ઉત્તમ એહવી વૃત્તિ તેહની હેમથીરે લો;
હાંરે જે શુભ ફળદાયક ધર્મ લાભ દેનારજો,
રસીક નમે તસ ચરણ કમળ નિત્ય પ્રેમથીરે લો. ૫

મુનિમહારાજશ્રી રત્નવિજયજીની ગુંહળી.

આવોરે આવો પાસજી મુજ મળીઆરે–એ દેશી.

અહો મુનિચંદ સંજમ રસિઆરે,
ભવિજન મન ગગનમાં વસિયા. અહો મુનિ. એ ટેક.
ગુરૂ રત્નવિજય ગુણ દરીઆરે,
સમતા અમૃત રસ ભરીયારે;
વિરતિ વનિતાને વરીયા. અહો મુનિ. ૧
તપ જપ કિરીયાના રાગીરે,
રઢ મુક્તિ રમાશું લાગીરે;
ધન્ય એવા મુનિ વડભાગી. અહો મુનિ. ૨
ધરે ધ્યાન થઇ એકતાનેરે,

જગ ફંદને ફોગટ જાણેરે;
ગુણ ચારિત્રના દિલ આણે. અહો મુનિ. ૩
મધુકર પેરે ગોચરી જાવેરે,
નિર્દોષ આહારને લાવેરે;
વપુ આતમ અર્થે ટકાવે. અહો મુનિ. ૪
અઠ પ્રવચન માતને ધરતારે,
ઉપદેશ ભવિને કરતારે,
ત્રિહુંકાળ જિણુંદ સમરતાં. અહો મુનિ. ૫
આનંદે પ્રવૃજ્જા પાળેરે,
સત્તાવીસ ગુણ અજુઆળેરે,
થઇ રસીક મુનીશ્વર મહાલે. અહો મુનિ. ૬

શ્રી ઉદયવિજયજી મહારાજની ગુંહળી.

આવો હરિ લાસરીઆ વ્હાલા—એ દેશી.

મુનીશ્વર સંયમના રસિઆ,
સકળ શાસ્રો દિલમાં ઠસિઆ;
ભ્રમર ભવિ મન કમળે વસિઆ. મુની. ૧
મુનીશ્વર આતમના અરથી,
ઉઠાવ્યો મોહ શરિર પરથી;
રમે નિજ ધ્યાને પર ધરથી મુની. ૨

મુનિપર પરિણુતિના ત્યાગી,
હૃદયમાં જ્ઞાનવિણુા વાગી;
તલાલિનતા તનમાં લાગી. મુની. ૩
મુનીશ્વર જ્ઞાન દાન આપે,
અભણુને બુદ્ધ કરી સ્થાપે;
વિમળ તસ યશ જગમાં વ્યાપે. મુની. ૪
મુનીશ્વર પરિસહને સહેતા,
તથાપિ સમતામાં રહેતા;
મધુકર પેરે ગૌચરી લેતા. મુની. ૫
ભવિકજનને મુનિ સુરગવિએ,
દીધી પય દેશના દિલ ઠવીએ;
રસીક મુનિ ઉદય વિજય સ્તવીએ. મુની. ૬

ગુરૂજીનો વાણી વિષે ગુંહળી.

મહારી સહીયર સમાણી એ-દેશી.

સાંભળ સહીયર ગુરૂજીની વાણી,
અમૃત રસની ખાણીરે— મહારા ગુરૂજીની વાણી.
અજબ રસીલી ગુરૂજીની વાણી,
શ્રોતાને લાવે તાણીરે— મહારા ગુરૂજીની. ૧
જિનવર ભાષિત ગુરૂજીની વાણી,

ષટદ્રવ્યે ગુંથાણીરે મ્હારા;
ગણધર વિરચિત ગુરૂજીની વાણી,
નય નિક્ષેપે પ્રમાણિરે— મ્હારા. ૨
શ્રુતધર પ્રેરીત ગુરૂજીની વાણી,
આગમ માંહી લખાણીરે, મહારા,
સ્યાદ્વાદ રસપુર ગુરૂજીની વાણી
મીઠી અમીય સમાણી— મહારા. ૩
સાયર સરખી ગુરૂજીની વાણી,
ગાજે ગંભીર પાણીરે, મહારા,
સકળ સુહંકર ગુરૂજીની વાણી,
પીલે કર્મ જર્યું ઘાણીરે— મહારા. ૪
હૃદય વિકાસક ગુરૂજીની વાણી,
સૂર્યકમળ જેમ જાણીરે મહારા,
અતિશયવાળી ગુરૂજીની વાણી,
સુણીયે ઉલ્લટ આણીરે— મહારા. ૫
અચળ પ્રભાવી ગુરૂજીની વાણી,
સુણી હરખે ભવિ પ્રાણીરે, મહારા
રામવિજય ગુરૂ વદન એ વાણી,
રસીક હિયે શિવરાણીરે— મહારા. ૭

શ્રી મુનિવિહારની ગુંહળી.

મુનિવર રાજનગરની નાર, શ્રાવિકા સર્વ મળી કહે;

મુનિવર અરજ એક ઊજમાળ, તુજ પદપંકજ નિત્ય ચહે
મુનિવર તુમ સરખા ગુરૂરાજ, આજ પુરવ પુન્યે મળ્યા;
" સફળ થઇ સહુ આશ, દુરિત સરવ દુરે ટળ્યા. ૧
" દેશના અમૃતધાર, પુષ્કરાવર્ત મેહાપરે,
' ભવિજનને ઉપગાર, આપ વીના કોણ ઉચરે;
" મધુર વચન સુરસાળ, બાળ ઉમંગે શીર ધરે;
" અરૂણ ઊદય ઊપમાન, હ્રદયકમળ વિકસીત કરે. ૨
" ચાલ્યો અસાડો માસ, શ્રાવણ હોંસે પુરણ કર્યો;
" ભાદરવે પણ તેમ, આસો નિરાશાથી ભર્યો;
" કારતકે કરશે વિહાર, એ ખટકો નિશ દિન રહે;
" કોણ કહે સદ્દમાર્ગ, પાપ પુંજને જે દહે. ૩
' ખટકાયક પ્રતિપાળ, પરમદયાળ કૃપા કરી;
" રહો રહો વળી ચોમાસ, વીનતી અમારી ઉર ધરી;
" દ્યોને રસીક ઊપદેશ, ફાગણ ચોમાસે રહી;
" તો પુગે મન આશ, એહ વિનંતી અમે કહી. ૪

.. ૪૩૧ ૬૪૩૬૬

શ્રી શીયળવૃત્તની સજ્ઝાય.

સકળ ધરમનો સાર તે કહીએરે—એ દેશી.

સુણુ સજની જે શિયળવૃત્ત પાળેરે,
તાત શ્વસુર બેઉ કૂળ અજવાળેરે,
અન્ય વૃતો નહિ એહુની તોલેરે;
સકળ શાસ્ત્રવાદિ એમ બોલેરે.
વિતરાગ પ્રભુએ વળી ભાખ્યુરે,
શીલવતિએ શિવસુખ ચાખ્યુંરે. એ ટેક. ૧
સુળસા ચંદનબાળા શાણીરે,
સીતાદિક જે સોળ વખાણીરે;
સતિઓ માંહે મુખ્ય ગણાણીરે,
અવર શીયળવંતી ગુણખાણીરે. વિતરાગ. ૨
નરમાં પણ તેહ ઉત્તમ કહીએરે,
જંબુ સુદર્શન નામ એ લહીએ;
વિજયશેઠ સ્થુલિભદ્ર વખાણુરે,
બીજા બહુ બ્રહ્મચારી હું જાણુરે. વિતરાગ. ૩
નામ ગણુંતા ન આવે પારરે,
મહિમા એનો છે અપરંપારરે;
બળ બુદ્ધિને શુભ દેદારરે,
સ્થળ સ્થળ પામે જય જયકારરે. વિતરાગ. ૪

જેહ પ્રભાવે આ ભવ માંહ્યરે,
સૂરનર કિન્નર વશ થઈ જાયરે,
વિષધર હોવે ફૂલની માળરે;
કાળ કરાળ બને કંગાલરે. વિતરાગ. ૫
એહવો અદ્ભૂત શીલ પ્રભાવરે,
પરલોકે નહિ દુઃખનો દાવરે;
જિન મંદિર જિન પ્રતિમા ભાવેરે,
સુંદર સોને જેહ ભરાવેરે. વિતરાગ. ૬
તો પણ નાવે શીયળની જોડરે,
અવર રત્ન નહિ સુરમણિ હોડરે;
સુરસુખ શિવસુખ જસ આધિનરે,
રસીક એ વૃત્તમાં થઇએ લીનરે. વિતરાગ. ૭



રસીકનાં પરચૂરણ પદો.

જગદ્ગુરૂ શ્રી હીરવિજયસુરિજીની સ્તુતિ.

(રાગ આશાગોડી તાલ દીપચંદી.)

હીર વિજય જયકારી, પરમગુરૂ હીર વિજય જયકારી.

અડ પવયણ પાલક ગુણ દરિઆ,
સમતા રસ ભંડારી— પરમ ગુરૂ. ૧

ધ્યાન ક્રિયા નીર્દોષ કરીને,
કીર્તિ અજબ વિસ્તારી— પરમ ગુરૂ. ૨

આજ લગી તે નિર્મળ યશની,
વાસ રહી જગ જારી— પરમ ગુરૂ. ૩

નિર્મળ ભાવે જિન શાસનની,
સેવ કરી હીતકારી— પરમ ગુરૂ. ૪

મ્લેચ્છ ભૂપતિ અકબર પ્રતિબોધી,
જીવ દયાને પ્રચારી— પરમ ગુરૂ. ૫

શમેત શીખર સિદ્ધાચળ આબુ,
તારંગા ગિરનારી— પરમ ગુરૂ. ૬

ઇત્યાદિક સવિ તીર્થ તણા હક,
શાહ દીયે ગુરૂ ધારી— પરમ ગુરૂ. ૭

જગદ્ ગુરૂ પદવી પણ આપે,
જન મન રંજનકારી— પરમ ગુરૂ. ૮

તીર્થપટા શ્રી સંઘને સોંપી,
ગુરૂ થયા સ્વર્ગ વિહારી— પરમ ગુરૂ. ૯

આજ એ શાસન દીપક સ્મરંતા,
શોક હુવે બહુ ભારી— પરમ ગુરૂ. ૧૦
રસીક બિરૂદ ધરી જેહ દીપાવે,
એ ગુરૂની બલિહારી— પરમ ગુરૂ. ૧૧

(રાગ પ્રભાતીઉ અથવા ઝુલણા છંદ.)

જાગ તું જાગને વીર સંતાનીઆ,
સ્વસ્થ થા આપની નિંદ ત્યાગી,
"વીર શાસન" તણો વિજય ફરકાવવા,
ધર્મ રાગે મને ધુન લાગી- જાગ. ૧
સર્વ કાર્યો વિષે એકલા ઝુઝતા,
જે અનંતી ધરે શક્તિ પોતે,
આજ સામર્થ્ય એ સર્વ ચાલ્યું ગયું,
તેજ માટે બીજો સાથ ગોતે- જાગ. ૨
ધર્મ અધર્મનું યુદ્ધ ચાલે સદા,
ધર્મી જન ધર્મમાં અવર જોડે,
ધર્મદ્વેષી કરે ધર્મી પર હુમલા,
કરી કુયુક્તિ અને માર્ગ તોડે- જાગ. ૩
સત્યનો જય અને પાપનો ક્ષય સદા,
લોક વાણી ઠરે અંત સાચી,
પ્રથમ પાપી જનો પાપથી નવ ડરે,
દુષ્ટ કાર્યો કરે રાચી માચી- જાગ. ૪

ન્યાટયના ખેલમાં વાત નોવેલમાં,
પાપીના પ્રથમ પોબાર દીસે,
અંતે પુણાહુતી સત્યના વિજયમાં,
એજ રીતે પ્રભુ માર્ગ વિષે— જાગ. ૫

તન અને મન તથા ધન ભલે આપીને,
પોતે પોતાની શક્તિ બતાવો,
કોઇ તન કોઇ ધન કોઇ મન અર્પશે,
તો થશે પૂર્ણ આ પુણ્ય દાવો— જાગ. ૬

વીર બાળક લઘુ બંધુના વચનનો,
આપના હૃદયમા શોચ કરજો,
રસીક પ્રભુ પંથને અચળ નીભાવવા,
'વીર શાસન' વિષે રાગ ધરજો— જાગ. ૭

(રાગ કાફી તાલ દીપચંદી.)

આજ મોરે આંગનવામે,
સુરતરૂ સહેજે ફળીઓ,
વીર વચન અમૃત વૃષ્ટિ રસ,
મન સૃષ્ટિ પર ઢળીઓ,
નાથ વિયોગે શુષ્ક થતો હું,
વીર શાસનમાં ભળીઓ,
અહા ! મન વાંછીત મળીઓ— સુરતરૂ. ૧

જગ તારક પ્રભુ વીરનુ શાસન,
મુક્તિ લતાની કળીઓ,
રત્નત્રયિનું નિધાન મનોહર,

તેહ ભણી હું વળીઓ,
અહા ! મન વાંછીત મળીઓ— સુરતરૂ. ૨
" **વીર શાસન** "ની પ્રતિભા દેખી,
દૂર્જનનો મદ ગળીઓ,
સદ્‌ગુણિ જન જિન વાણી વિલાસે,
દુઃખનો સંશય ટળીઓ,
અહા ! મન વાંછીત મળીઓ— સુરતરૂ. ૩
" **વીર શાસન** "નો દ્વેષી સંગમ,
દેવ હૃદયમાં બળીઓ,
વિવિધ જાતી ઉપસર્ગ કરે પણ,
ધીર આતમ નવિ ચળીઓ,
અહા ! મન વાંછીત મળીઓ— સુરતરૂ. ૪
અચળ રહો શ્રી " **શ્રી વીર શાસન** "
ભવિજન સાથે હળીઓ,
અનુક્રમે મોક્ષ તણુા સુખ આપે,
રસીક કહે તે રળીઓ,
અહા ! મન વાંછીત મળીઓ— સુરતરૂ. ૫

(રાગ સીંધુડો તાલ હીંચ.)

આજ મહારા ઉરમાં આણંદ ઘણો થાયે,
પજ્જુશણુ પર્વના પસાયે— આજ. એ ચાલ.
દાન શીયળ તપ ભાવ ભરેલો,
ધર્મ ઉમંગે સધાયે,

વરસ દિવસમાં કીધુ નથી કાંઇ,
તે પણ હોંશથી જોડાયે- આજ. ૧

દાન શૂરા જિન શાસન માંહે,
સર્વથી અધિક જણાયે,
શીયળવંત નર વીરલા જગતમાં,
તુલના ન કોઇથી કરાયે- આજ. ૨

આઠ દિવસ ગુરૂ વાણી શ્રવણ કરે,
આરંભ કાર્યમાં ન જાયે,
સર્વથી સુંદર સકળ સુહંકર,
શીયળની વાડમાં ભરાયે- આજ. ૩

ત્રિલોક પતિ પ્રભુ શ્રી જિન પૂજે,
ઉત્તમ દ્રવ્યની સહાયે,
કસ્તુરી કેશર અંબર અનુપમ,
ચંદન સાથમાં ઘસાયે- આજ. ૪

શકત્યનુસાર તપ કરીએ ઉમંગે,
કરતાની અનુમોદનાયે,
અષ્ટાન્હિકા શુભ ધ્યાનમાં વીતાવી,
રસીક રસીક સુખ પાયે- આજ. ૫

(રાગ કાફી, તાલ દીપચંદી.)

ગુરૂજીની વાણી મનોહર હ્રદય કમળ વિકસાવે;
ઇંદુ પ્રકાશે કુમુદિની પ્રફુલ્લિત, સાયર લહેર ઉડાવે,
દિનમણિ ઉદયે કમલિની ડોલત, ચાતક જળધર આવે;
ભવિક એમ આનંદ પાવે- હ્રદયકમળ. ૧

પારસમણિ સ્પર્શે હોય કંચન, લોહ સ્થિતિ મીટ જાવે,
ગંગોદક નિર્મળ કરે નિર્મળ, મલિન દશા દૂર થાવે,
મિથ્યામતિ બોધિ મીલાવે- હૃદયકમળ. ૨
તિમિર ટળે ઠગ ચોર નિશાચર, વ્યભિચારીને ન ફાવે,
ગુરૂ ઉપદેશ રવિ ઉદયે સહુ, શાસન દ્રોહી છુપાવે,
રસીક ગુરૂના ગુણ ગાવે- હૃદયકમળ. ૩

(કવ્વાલી રાગ—ભૈરવી.)

સલુણાં વીરના પુત્રો ! પજુસણ પર્વ આવે છે,
તમારી નિંદ્રડી ત્યાગો, પજુસણ પર્વ આવે છે.- ૧
તમે દરરોજ શું કીધું, વરસના વાસરા માંહે,
તમારા દિલમાં શોચો, પજુસણ પર્વ આવે છે- ૨
કર્યા શા શા ઉપાયો તેં વિલાસી જીંદગી માટે.
તથાપિ ધર્મ શું સાધ્યો, પજુસણ પર્વ આવે છે. ૩
ભલા નર જીંદગી પામી, હૃદયમાં જો વિચારો તો,
વિલાસી જીંદગી નિષ્ફળ, પજુસણ પર્વ આવે છે. ૪
પ્રકાશ્યુ તીર્થ સ્વામીએ, મનુષ્યની જીંદગી ઉત્તમ,
ધર્મની સાધના માટે, પજુસણ પર્વ આવે છે. ૫
ગુરૂજી નિત્ય બોલે છે, મનુઅ ચિંતામણિ ભવમાં,
આત્મ કલ્યાણને આદર, પજુસણ પર્વ આવે છે. ૬
ગતિ ત્રણે નિરર્થક છે, નિયમ વ્રત પાલના માટે,

નિયમ વ્રત આત્મ હીતકારી, પજુસણુ પર્વ આવે છે. ૭
અનાદિ કાળથી ભટકયો, જગત્ જંજાળમાં ભૂંડાં,
અનાયાસે થયો માનવ, પજુસણુ પર્વ આવે છે. ૮
ભલા ઉંચ કૂળમાં જન્મ્યો, ભલી આ આર્ય ભૂમિમાં,
ધર્મ સાધન બધા પામ્યો, પજુસણુ પર્વ આવે છે. ૯
નિરોગી દેહ સ્વાધિનતા, દેવ ગુરૂ ધર્મનો સંયોગ,
બધી સામગ્રી છે સુંદર, પજુસણુ પર્વ આવે છે. ૧૦
વરસ આખુ વીત્યુ તેમાં, કદીએ કાંઇ નવ સાધ્યુ,
અવલ આ તક વધાવી લે, પજુસણુ પર્વ આવે છે. ૧૧
પુરૂ દેવુ પતાવે તે, ખરો વ્યવહારીઓ જાણો,
બને નાદાર તે નાપે, પજુસણુ પર્વ આવે છે. ૧૨
પુરૂ ના હોય પાસે તે, ઘણું થોડું પતાવી લે,
ધર્મ સાધન ભણી તેમજ, પજુસણુ પર્વ આવે છે. ૧૩
તમો અઠ્ઠાઇમાં આરંભ, બધા ત્યાગી બનો રાગી,
દાન શીલ તપ કરો ભાવે, પજુસણુ પર્વ આવે છે. ૧૪
રસીક શક્તિ અનુસારે, બને તે શાન્તિથી કરજો,
ક્ષમા પ્રેમી થજો ભાઇ, પજુસણુ પર્વ આવે છે. **૧૫**



આજેજ ગ્રાહક થાઓ ! **ધર્મ-જ્ઞાન પ્રાપ્ત કરો !**

જૈન સમાજમાં બ્હોળો ફેલાવો પામેલું, જૈન ધર્મનાં સર્વમાન્ય તત્વોનું સુંદર રીતે પ્રતિપાદન કરતું, ધર્મ-વીર ગર્જના કરતું આ એકજ સાપ્તાહિક છે કે જે નિયમિત રીતે દર શુક્રવારે પ્રકટ થાય છે.

-શ્રી વીર-શાસન-

પ્રકાશક:—શ્રી વીરસમાજ—અમદાવાદ.

(વાર્ષિક લવાજમ:-રૂા. ૫ા— વી. પી. પો. સાથે સ્થાનીક રૂ.૫)

આ ધર્મ-પ્રચાર કરતા, ધર્મ-જ્ઞાન આપતા પત્રના પ્રત્યેક ધર્મપ્રેમી બંધુએ ગ્રાહક થવુંજ જોઇએ, અને ગ્રાહક થવા પોતાના ઇષ્ટ-મિત્રને ભલામણ કરવી જોઇએ.

દરવર્ષે ઉત્તમ દળદાર પુસ્તક અને ખાસ અંક ગ્રાહકોને ભેટ મળે છે.

(ગ્રાહકો વધારી શકે એવા ધર્મપ્રેમી એજન્ટોની તાકીદે જરૂર છે.)

ગ્રાહક થવા આજેજ લખો:—

શ્રી વીર-સમાજ.

ઠેકાણું:—હાજાપટેલની પોળ—અમદાવાદ.